
अनन्य परिवर्तन



vitraag vigyaan
November 2014, Mumbai
Volume 4, Issue 6

WORLD JAIN CONFEDERATION

Inter Faith Seminar

2nd October, 2014, Mumbai









અનુક્રમણિકા

શ્રીમદ્ રાજચંદ્ર જીવન કથની ૩
વર્લ્ડ જૈન કોન્ફીડરેશન - અહેવાલ ૬
પત્રોની પાંખે ૭
ભક્તિમાર્ગનું રહસ્ય ૯
पूज्यश्री की अमृतवाणी १४
The Master's Voice 18
પ્રશ્નોત્તરી ૨૧
જૈન ધર્મનો પગથાર ૨૩
एक प्रेरणात्मक सत्य कथा २६
New School Foundation Day 28
મુમુક્ષુની કલમે (જડ અને ચેતન) ૩૦
મુમુક્ષુની કલમે ૩૨
અર્વાચીન જૈન જ્યોતિર્ધરો ૩૫
અખાના છપ્પા ૩૯
प्रेरक प्रसंग ४२
બાર ભાવના ૪૩
તત્ત્વ પહેલી ૪૬
The Reader's Forum 47
Health To Happiness-Cholesterol 48
Forthcoming Events 50
From Us... to You 51
ઉત્તમ દાન - 'જ્ઞાનદાન' ૫૨

Editorial

સતત પરિવર્તનશીલ આ જગતમાં દરેક વસ્તુ બદલાતી જાય છે. વિક્રમ સંવંત ૨૦૭૦ નું વર્ષ પૂર્ણ થયુ અને સંવંત ૨૦૭૧ની શુભ શરૂઆત થઈ. નૂતન વર્ષના નવલા પ્રભાતે આપ સહુને 'નૂતન વર્ષાભિનંદન.' આવનારા વર્ષમાં આપણે સહુ જ્ઞાનીના આશ્રયે બળવાન પુરુષાર્થ કરીએ એ જ શુભકામના.

ભગવાન મહાવીરની જન્મજયંતિના ઉપલક્ષે મુંબઈમાં વર્લ્ડ જૈન કોન્ફીડરેશન વતી એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પૂજ્યશ્રીએ પ્રેમની બહુજ સુંદર અને અર્થપૂર્ણ વ્યાખ્યા આપી હતી. સતત બીજાના સુખનો વિચાર અને ઈચ્છારહિતપણું એ પ્રેમ છે, એ જ સૂક્ષ્મ અહિંસા છે. મહાવીરજયંતિના આ કાર્યક્રમનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં આપેલો છે.

પ્રેમનું આ સૂક્ષ્મસ્વરૂપ ત્યારે જ સમજાય જ્યારે પ્રત્યક્ષ જ્ઞાની પ્રત્યે અખંડ એવી ભક્તિની લય લાગી હોય. એવી ભક્તિ પછી પરાભક્તિનું સ્વરૂપ લે છે જે જીવને મોક્ષનો હેતુ થાય છે. જીવને કલ્યાણનું કારણ થાય છે. પછી સત્પુરુષની અસીમ કરૂણાના દર્શન ક્ષણે ક્ષણે થતાં જ રહે છે. પ્રેમ અને ભક્તિ જ મોક્ષનો રાજમાર્ગ છે.

શ્રી રાજ એજ્યુકેશનલ સેન્ટરની નવી શાળાના મકાનનું ભૂમિ પૂજન તા. ૫ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ રાજનગર, પર્લી સ્થિત પૂજ્યશ્રીની હાજરી અને દિવ્ય મંત્રોચ્ચાર સાથે હર્ષ અને ઉલ્લાસથી સંપન્ન થયું હતું. શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરની નજીક જ લગભગ સાડા ત્રણ એકરમાં આ શાળા સ્વરૂપ લેશે જેનો અહેવાલ આ અંકમાં આપેલો છે.

ભગવાન મહાવીર દિવાળીની રાત્રે નિર્વાણ પામ્યા હતાં અને દર વર્ષની જેમ આ દિવાળીએ પણ રાજનગર, પર્લી ખાતે મંત્ર માળાની ખાસ શિબિરનું આયોજન થયેલ જેમાં મુમુક્ષુઓ પરમ કૃપાળુદેવના ૩ મહામંત્રની આરાધના ભાવપૂર્વક કરી આનંદ પામ્યા હતાં.

દિવાળીના દીપોત્સવે પ્રગટાવેલા દીવાથી વાતાવરણ પ્રકાશમય થઈ જાય છે એમ સતજ્ઞાનરૂપી દીવડાની જ્યોત વડે આપણા પોતામાં રહેલા જ્ઞાન પ્રકાશનો આપણે સહુ અનુભવ કરીએ. પ્રેમ અને ભક્તિના રસમાં રંગાઈને જ્ઞાનીના હૃદયમાં સ્થાન પામીએ.

શ્રીમદ્જીની અમૃતમય - અપૂર્વ જ્ઞાનદશા

(ગતાંકથી ચાલુ)

પરમ પૂજ્ય માતુશ્રી દેવબાઈ વવાણિયાથી સંવત્ ૧૯૭૦ના કારતક સુદ તેરશના સાંજની ગાડીમાં રાત્રે ખંભાત પધાર્યા. પૂ. માતુશ્રીના મુખથી શ્રી કૃપાળુ દેવનું ચરિત્ર સાંભળ્યું તે નીચે મૂજબ છે :-

શ્રી પરમ કૃપાળુ દેવ ગર્ભમાં આવ્યા પછી માતુશ્રીને એક યોગી મળેલ. તેમણે એવું કહ્યું કે તમોને એક પુત્ર થશે. તે મહાન ધર્મિષ્ઠ અને પ્રતાપી થશે અને તે તમારી એકોતેર પેઢી તારશે.

શ્રી કૃપાળુ દેવ ગર્ભમાં આવ્યા બાદ કોઈપણ માઠી વાસના મને થઈ નથી. ૧૯૨૪ ના કારતક સુદ પુનમના દિવસે જન્મ હોવાથી આખા ગામમાં દેવદિવાળી ને લઈને ઉત્સવ ઘણો હતો.

બાળપણમાં બે વર્ષની વયમાં નાના છોકરાઓ સાથે માટીના દેહરા કરી પછી છોકરાઓને કહે કે - આ મહાદેવનું દેહરૂ છે, (મંદિર) આ રામનું દેહરૂં છે, એમ એવા આકારના બતાવતા હતા.

નવ માસની ઉંમરે ચાલતા શીખ્યા હતા. ૧૨, ૧૩ મહિનામાં તેઓ બોલતા શીખ્યા હતા. પાંચ વર્ષની ઉંમરે પોતાની બહેનને તેડવા સારુ કચ્છમાં પિતાશ્રીની સાથે અંજાર ગયા હતા.

શ્રી પરમ કૃપાળુ દેવને જમણી આંખે ભમર ઉપર 'તરવારનું મૂઠ' સાથે ચિન્હ હતું અને પગના અંગુઠે 'લાલ રેખા' હતી.

પરમ કૃપાળુ દેવ સાતમે વર્ષે નિશાળે બેઠા અને ૧૧ મે વર્ષે નિશાળેથી ભણીને ઉઠી ગયેલ.

સંવત ૧૯૫૬ની સાલમાં પરમ કૃપાળુ દેવની તબીયત ઘણી જ નરમ હતી તેથી મને આંખમાં આંસુ આવવાથી પરમ કૃપાળુ દેવે કહ્યું - 'તમો શું ખેદ કરો છો ? આટલા ભવ સુધી (તમે) માવતર જ હતા.'

મને વારંવાર કહેતા - ''મા! તમો મોક્ષ આવશો ?'' ત્યારે મેં કહ્યું, ''ભાઈ મોક્ષ કેવો હોય ?'' ત્યારે કહેતા, ''હું તમને મોક્ષ બતલાવનારો છું.''

પરમ કૃપાળુ દેવની ઉંમર ૨૦ વર્ષની હતી ત્યારે વીરજીભાઈને પૂછ્યું કે તમારા ઘરના બાઈ ગુજરી જાય તો ફરીથી પરણો કે કેમ ? ત્યારે તેણે કહ્યું કે પરણું - કૃપાળુદેવે કહ્યું કે પશ્ચાતાપ કરો. ત્યારે તેણે બાધા લીધી ને પછી ફાગણ માસમાં વીરજીભાઈની વહુ ગુજરી ગઈ અને તે પછી શ્રાવણ માસમાં પોતે વીરજીભાઈ પણ ગુજરી ગયા.

શ્રી પરમ કૃપાળુ દેવની ઉંમર ૧૨ વર્ષની હતી. ત્યારે તેમની દાદીએ કહેલું કે તું મને ચેહ મૂકજે.

દાદી ગુજરી ગયા. પોતે સ્મશાનમાં ગયા. ત્યારે તેમને ડાઘુઓએ કહ્યું કે - તમે ખસી જાવ. નાના બાળક છો. ત્યારે તેમણે કહ્યું કે મારા દાદીએ ચેહ મૂકવા ભલામણ મને કરી છે. માટે હું ચેહ મુકીશ. પછી અગ્નિસંસ્કાર પોતે કર્યો હતો. મારા સસરા ગુજરી ગયા ત્યારે પણ રાયચંદભાઈ ૧૨ વર્ષની ઉંમરના હતા.

પરમ કૃપાળુ દેવને માતુશ્રીએ કહ્યું કે તમારા સાસરેથી લગ્ન જોવડાવવાનું કહ્યું છે. ત્યારે પોતે કહ્યું કે - આજે ઘરમાં ઘાત છે, તેથી શી રીતે લગ્ન જોવાય. તે જ દિવસે મનસુખભાઈ ઘાસતેલનો દીવો સળગતો હતો તેનાથી ઘણું જ છાતીએ દાઝ્યા હતા. એમ મનસુખભાઈની ઘાત અગાઉથી જાણીને કહી હતી. તે વખતે પરમ કૃપાળુ દેવની ઉંમર ૧૯ વર્ષની હતી. આ કારણથી બારમાસ પછી તેમના લગ્ન થયા હતા.



સં. ૧૯૫૬ની સાલમાં પરમ કૃપાળુ દેવ વઢવાણ કેંપમાં હતા ત્યારે માતુશ્રીને પોતે કહ્યું કે - 'સંસારી જીવો સ્ત્રી સાથે એક દિવસનો જેટલો મોહ કરે છે તેટલો આ આખી ઉંમરમાં અમે મોહ કર્યો નથી.' પછી માતુશ્રીને (મને) કહ્યું કે આપની આજ્ઞા હોય તો હું આજથી સર્વ પ્રકારે વ્રતનો નિયમ ધારું.

પછી ૧૨ વ્રત સંક્ષેપમાં લખી આપી મુનિઓ પાસે અંબાલાલભાઈની સાથે મોકલ્યા હતા. જ્ઞાનાવર્ણમાંથી બ્રહ્મચર્યનો અધિકાર સંભળાવવા મુનિઓને કહ્યું હતું. તે પ્રમાણે એ વહુ ઝબકને મુનિએ સંભાળાવ્યું હતું.

સંવત ૧૯૫૬ની સાલમાં પરમ કૃપાળુ દેવે વનવાસ જવાની આજ્ઞા માંગી, ''મા અમને રજા આપો તો અમે વનવાસ જઈએ.'' મેં કહ્યું, ''હું રજા આપું નહીં. અને જો તમે વનમાં જાઓ તો મારા પ્રાણ ત્યાગ થાય.'' ભાઈએ કહ્યું, ''મા, તમે અમને વનવાસની રજા આપો તો અમને સુવાણ થઈ જાય.'' તેથી ભાઈને સુવાણ થતી હોય તો ભલે વનવાસ જાય એમ સમજી મેં રજા આપી હતી.

માતુશ્રી પરમ કૃપાળુ દેવને જેટલી આજ્ઞા કરે તેટલી ઉઠાવે. કોઈપણ દિવસ આખી ઉંમરમાં પોતે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. જેટલું કહ્યું તેટલું પોતે કરતાં.

માતુશ્રીને મુનિ શ્રી લઘુરાજસ્વામીએ કહ્યું કે, ''મા તમોને પરમ કૃપાળુ દેવ ઉપર મોહ ઘણો છે, ખરું ?'' ત્યારે બીજા મુનિએ કહ્યું કે, લલ્લુજી મહારાજે તો સાહ્યબી હતી તે છોડી દીધી. ત્યારે માતુશ્રીએ કહ્યું કે મારાથી પરમ કૃપાળુનો મોહ નથી મૂકાતો.

વઢવાણ કેંપમાં પરમ કૃપાળુ દેવે માતુશ્રીને કહ્યું કે ગાડીની અંદર બેઠા હોઈએ તો તેને જલ્દીથી હાંક એમ ગાડીવાળાને ન કહેવું. તળાવમાં નાહવું નહીં, ધોવું નહીં, વાસણ લઈને પાણીને ગાળીને નાહવું. લીલોતરીમાં ચાર લીલોતરી મોકળી રાખીને બીજીનો સર્વથા ત્યાગ કરવો. તે કરાવ્યા પછી મધ, માખણ વિગેરે સર્વ અભક્ષ્યનો ત્યાગ

કરાવ્યો હતો.

ઘરમાં કોઈથી જૂઠું તો બોલાય જ નહીં. કૃપાળુ દેવ કહે કે જેવું હોય તેવું જ કહી દેવું. જેનાથી જે વાંક થયો હોય તે તરત જ કહી દે કે ફલાણામાં પૈસા વાપર્યા છે. અમારા કુટુંબમાં પણ કોઈ પ્રકારનો અવિશ્વાસ જેવું નહોતું. ચોરીની તો વાત જ નહીં. નોકરો પણ તેવા કે જે લીધું હોય તે તરત કહી દે.

કૃપાળુ દેવની ૧૦ વર્ષની ઉંમર હતી તે વખતે માતુશ્રીએ કહ્યું કે ભાઈ, તમે આટલું બધું જાણો ને મને કાંઈ આવડે નહીં. ત્યારે કૃપાળુ દેવે કહ્યું કે તમોને કાંઈ ન આવડે તો સાસુની ભક્તિ કર્યા કરો. એ જ વધારે છે. જાત્રા કરવા કરતાં સાસુ સસરાની ભક્તિ કરશો એ વધારે પુણ્ય છે. કારણ કે ઘરમાં સાસુ સસરા સો વર્ષની ઉંમરના અને અશક્ત છે તો તેની ભક્તિ કરવાથી વધારે ફળ છે. પરમ કૃપાળુ દેવે માતુશ્રીને સ્મરણમાં પ્રભુની માળા (પ્રભુના નામની) ફેરવવા કહ્યું હતું.



શ્રી વવાણિયામાં એક વખત આરજાઓ (સાધ્વીઓ) આવેલા ત્યારે તેમના કહેવાથી ઉપાશ્રયે જતાં સર્વેને પોતે ઉપદેશ આપતા. ૧૧ વાગે જાય અને ૪ વાગે આવે.

પરમ કૃપાળુ ઘરમાં સર્વેને કહેતા કે વાસી ખાવું નહીં. તેમના કહ્યા પ્રમાણે ત્યારબાદ કોઈ વાસી ખાતું નથી.

પરમ કૃપાળુ દેવને મંદવાડમાં માતુશ્રી પૂછતા, ભાઈ કેમ છે ? ત્યારે કહેતા, ''અમને સુખે નથી દુઃખે નથી.''

૧૯૫૬ની સાલમાં જે છેલ્લી અવસ્થાનો ફોટોગ્રાફ પડાવેલો તે સર્વને કહેલું કે માતુશ્રીને તે ફોટો બતલાવશો નહીં. કારણ કે શરીર ક્ષીણ થઈ ગયેલું.

ભાઈશ્રી કૃપાળુ દેવ નડીયાદ બીરાજતા હતા ત્યારે માતુશ્રી કહે મને મંદવાડ વિશેષ હતો તેથી તાર કરીને મેં ભાઈને બોલાવેલ. ભાઈ પધાર્યા. ખાટલે બેસી ઘણી વાતો કરી. તેમણે સેવા ઘણી સારી કરેલી.

૧૯૫૬માં જો કે મને તો બરાબર સમજણ નહીં પણ ભાઈએ સમજણ પાડી કે આ સૂત્ર (નામ ખબર નથી) તમારા ખરચથી મંગાવેલ છે તે તમે મને વહોરાવો. તે ઉપરથી મેં તે સૂત્ર ભાઈને વહોરાવ્યું. આ વખતે શ્રી માંકુભાઈ વિગેરે હાજર હતા. કેટલા રૂપિયાનું (કેટલી કિંમતનું) તે મને યાદ નથી. પછી પરમશ્રુત ખાતામાં રૂપિયા મંડાવવાનું ભાઈએ મને પૂછ્યું ત્યારે મેં રૂા. ૨૫ મંડાવ્યા ને રૂા. ૫૦ વહુએ મંડાવ્યા. તે સૂત્ર મેં મારા હાથમાં લઈને ભાઈના હાથમાં આપેલ હતું.

સં. ૧૯૭૦ના કારતક વદી એકમના રોજ સ્થળ સ્થંભ તીર્થ પૂ. શ્રી છોટાલાલ માણેકચંદની મેડી ઉપર સવારના પ્રથમ પ્રહરમાં પરમ કૃપાળુના માતુશ્રી દેવામાતા મેડી ઉપર બીરાજતા હતા. તેમને હકીકત પૂછતાં તેમણે જે જે વાત કરી તે અહીં નોટ કરવામાં આવી છે. ◆

અહિંસા હી પ્રેમ - પ્રેમ હી અહિંસા

વર્લ્ડ જૈન કોન્ફીડરેશન દેશ વિદેશની જૈન સંસ્થાઓને એક સૂત્રમાં બાંધતી સંસ્થા છે. ગુરુવાર તા. ૨જી ઑક્ટોબર, ૨૦૧૪ના ગાંધી જયંતિ નિમિત્તે, મુંબઈના બિરલા માતુશ્રી સભાગૃહમાં ''અહિંસા હી પ્રેમ - પ્રેમ હી અહિંસા'' વિષયને આવરી લેતાં એક જાહેર સભાનું આયોજન કર્યું હતું જેમાં ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના પ્રોફેસર શ્રી મહેબુબ દેસાઈ, શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરના પ્રણેતા અને આત્મપથ દર્શક પરમ પૂજ્ય શ્રી પ્રેમ આચાર્યજી તથા આચાર્યશ્રી પરમ પૂજ્ય રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ મુખ્ય વક્તાઓ હતા.

પ્રોફેસર સાહેબે જણાવ્યું હતું કે ઈસ્લામમાં હિંસા કરવાનું કહ્યું જ નથી અને પ્યારનો કોઈ મઝહબ જ નથી હોતો. ઈબાદત એવી કરો કે તકલીફ કોઈને થતી હોય અને આપણે મહેસૂસ કરી શકીએ. જૈન ધર્મમાં ભગવાન મહાવીરે સૂક્ષ્મ અહિંસા કહી છે. ગાંધીજીએ માનવદર્શી અહિંસા કહી છે. ઈસ્લામે વાસ્તવદર્શી અહિંસા કહી છે.

પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજીએ જણાવ્યું કે જ્યાં અપેક્ષા છે ત્યાં માંગણી છે અને તે જો પૂરી ન થાય તો દ્વેષ ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રેમ નથી સ્વાર્થ છે. પ્રેમ એ આત્માનો ગુણ છે. જડપદાર્થમાં પ્રેમ એ તો આકર્ષણ છે. આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી સાચો પ્રેમ ન સમજાય. રાગ છે ત્યાં અપેક્ષા છે, અપેક્ષા પૂરી ન થાય ત્યાં દ્વેષ ઉત્પન્ન થાય. દરેક વ્યક્તિ પોતાના કલ્પનાના ઈશ્વરને પ્રેમ કરે છે. આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ એટલે પરમ આત્મા. તે શુદ્ધ સ્વરૂપ જ્યારે પ્રગટ થાય ત્યારે ઈશ્વર કોને કહેવાય તે સમજાય. સંસારના કોઈ પણ પદાર્થમાં ઈચ્છારહિતપણું તે પ્રેમ છે. બીજાના સુખનો વિચાર કરવો તે પ્રેમ છે. બીજાના સુખ માટે સહન કરવું પડે તે પ્રેમ છે. પ્રેમ અપેક્ષારહિત છે.

આચાર્ય શ્રી પરમ પૂજ્ય રાજયશસૂરીશ્વરજી મહારાજે પ્રેમ તથા અહિંસા સમજાવતા જણાવ્યું કે કોઈપણ વ્યક્તિને જુઓ ત્યારે ''નમો સિદ્ધાણં'' એજ વિચાર આવવો જોઈએ. દરેકમાં આત્મા છે અને એ પરમાત્મા બનશે જ. જ્યાં પ્રેમનું સામ્રાજ્ય આવશે ત્યાં અહિંસા આવશે જ. બીજા માટે સંવેદના જાગ્રત થાય તે પ્રેમ છે. જેટલો આપણો સ્વાર્થ પાતળો પડશે પ્રેમ એટલો જાડો થતો જશે. અહમ્‌ની હિંસા થાય ત્યાં પ્રેમ થઈ જાય છે.

આમ મંચ પર બીરાજીત ત્રણેય મહાપુરુષોએ પ્રેમ અને અહિંસા અલગ અલગ નયથી સમજાવ્યા.◆

ચાહે ગીતા વાંચીએ, ચાહે પઢે કુરાન;
તેરા મેરા પ્યાર હી, હર પુસ્તકકા જ્ઞાન.

(પ્રોફેસર મહેબુબ દેસાઈ)

પત્રોની પાંખે



નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજય પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

કોઈ એક પત્રમાં પ્રશ્ન પુછયો છે તે નિર્વિકલ્પતા કહેવાય કે નહીં? તે સમાધિ (એક રીતે) કહેવાય કે નહીં?

પ્રભુમાં, પ્રભુના સ્મરણમાં, તેના વચનોમાં, સ્મૃતિમાં જ્યારે મન હોય ત્યારે નિર્વિકલ્પતા ન કહેવાય; તેમ મારું માનવું છે. અહીં પ્રભુનો અર્થ તમે જ્ઞાની, સત્પુરુષ વિગેરે કરતા હો તેમ લાગે છે. દેહધારી જ્ઞાનીપુરુષ, સત્પુરુષનું અવલંબન જીવને આત્મજ્ઞાનની પ્રાપ્તિનું કારણ થાય છે. તે આત્મજ્ઞાન આત્માનો સાક્ષાત્ અનુભવ છે. તે અનુભવ પછી તો જીવને સાચા પરમેશ્વર, પ્રભુ ઓળખાય છે અને ત્યાર પછી તેના સ્મરણ અને ધ્યાન નિર્વિકલ્પ સમાધિનું કારણ થાય છે. કોઈને પણ પ્રભુ કહી તેના વિચારમાં રહેવાથી વસ્તુ પ્રાપ્ત નથી થતી. તેમ હોત તો અનંત પરિભ્રમણ કરનાર જગતના નામી પ્રેમી-પંખીડાને

મોક્ષ વહેલો હોત (લયલા-મજનુ વિગેરે). વસ્તુ પ્રાપ્તિ માટે પ્રભુરૂપ ગણાતા જ્ઞાની ખરેખર 'આપ્ત' પુરુષ જોઈએ અને તેની ભક્તિ 'આ આત્મપુરુષ છે' અને માર્ગ અહીંથી મળશે જ એ ભાવ સાથે બળવાન સત્ - પુરુષાર્થ જોઈશે. પછી નિર્વિકલ્પ સમાધિ સંભવ છે. આમ મને સમજાય છે અને તે બરાબર જ હશે તેમ લાગે છે. જેને આત્મદર્શન - આત્મજ્ઞાન છે, તેને તે વધારે રહે છે વિગેરે લખ્યું છે, તે બરાબર જ છે. આ જ વાત શબ્દ ફરકથી મેં ઉપર લખી છે.

નિરાગીને રાગ કરવાથી નિરાગી થવાય છે. પરંતુ રાગમાં અખંડ ટકી રહેવું મુશ્કેલ છે. માટે જ તો મોક્ષનો માર્ગ અત્યંત કઠણ કહ્યો છે. ''તું વીતરાગી, હું અનુરાગી, તારા જીવનની રટ મને લાગી, પ્રભુ તારા જેવું મારે થાવું છે - પ્રભુ તારું ગીત મારે ગાવું છે.'' આપણે તો રાગી અનુરાગી છીએ, પણ તે સર્વ રાગ પ્રભુને જ, નિરાગી , વીતરાગીને એકલાંને જ કરીએ તો ?

સાથે લગાડેલ પદ વિશે,

ગાયા જિન પાયા નહીં, અનગાયેં તેં દૂરિ,

જીન ગાયા બિસ્વાસ મહિ, તાકે સદા હજૂરિ.

જેણે (ગાયા) પ્રભુના ગુણો ગાયા તેને પ્રભુ નથી મળ્યા અને મળશે પણ નહીં, (અનગાયે) ગાયા વગરના જે છે, અર્થાત્ જે પ્રભુના ગુણો ગાતાં નથી તેનાથી તો (પ્રભુ) દૂર જ છે. પરંતુ જેણે વિશ્વાસ અને શ્રદ્ધાથી ગાયા છે તેને પ્રભુ હંમેશા હાજરાહજૂર છે. માટે વિશ્વાસથી ગાયુ ત્યારે કહેવાય જ્યારે જે જેમ ગાઈએ છીએ તેવા આપણે હરહંમેશ માટે થઈ જઈએ. બી લાઈક ધેટ.

સાખી કહૈ ગહૈ નહીં ચાલ ચલી નહીં જાય,

સલિલ મોહ નદિયાં લહૈ પાઁવ નહીં ઠહરાય.

મુખકી મીઠી જો કહૈ હૃદયા હૈ મતિ આન,

કહત્ કબીરા તેહિ લોગોસે રામૌ બડે સપાન.

સાખી-પદો ચાલ-પદમાં લખ્યા પ્રમાણે વર્તન.

કહે-લખે, કરે. ચલી નહિ જાય-વર્તન ન થાય.

રામૌ-રામ પ્રભુ ગહૈ-ગ્રહણ કરવું.

સલિલ-પાણી મોહનદિયા-મોહનદી

બડે સપાન-ખૂબ ચતુર છે

એજ ભક્તજન. ◆

ભક્તિમાર્ગનું રહસ્ય



ભગવાનની ભક્તિનું સ્વરૂપ

આત્માની અંદર કયા પ્રોસેસ ચાલે છે, કેવા ભાવ રહે છે એવી જે અંતરશૈલી આત્માની, એનું જે સીક્રેટ છે, આ ભક્તિના રહસ્યથી ઉત્પન્ન થાય છે. આત્મજ્ઞાની સંત એટલે કે જ્ઞાની પુરુષની ઓળખાણ થાય, એમનો આશ્રય અને નિશ્ચય થાય, એમનામય થઈ અને આ જીવન વ્યતીત થાય તો આત્માનો સાક્ષાત અનુભવ, અમુક કાળ સુધીની શૂન્યતાની દશા જીવને ચોક્કસ પ્રાપ્ત થાય.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી.

(વ.મૃ. પત્રાંક ૧૨૮)

પહેલું પગથિયું છે રખડપટ્ટી. ધર્મની શ્રદ્ધા જ નથી. જે લોકો સંસારમાં ખૂબ સફળ છે એને લાગે છે મારી બુદ્ધિથી, હોંશિયારીથી હું આગળ વધેલો છું, મારે ધર્મની જરૂર નથી, તો પછી એવા લોકોએ કંઈ માંગવાની ઈચ્છા ન રાખવી.

કદાચ એવા કોઈ જીવોને વિચાર આવે કે કોઈ એવા પૂર્વના પુણ્યથી આ ભવની અંદર આટલી બધી જાહોજલાલી, આવી શોહરત અને નામ છે તો પૂર્વભવમાં મેં કાંઈ પુણ્ય કરેલું હશે, કંઈ ધર્મ કરેલો હશે માટે હવે કંઈક ધર્મ કરું તો? તો પછી બીજા પગથિયા ઉપર જઈ અતિ શુદ્ધ ભાવથી જિનભક્તિ, જેને જે યોગ્ય લાગે એવા ભગવાનની મહાવીર, રામ, કૃષ્ણ વિગેરેની ભક્તિ શરૂ કરવી જોઈએ. હવે કયા ભગવાનની ભક્તિ કરીએ છીએ એ અગત્યનું નથી કારણ કે કાલ્પનિક ભગવાનની ભક્તિ હશે, સત્‌ભગવાનની નહીં હોય. કારણ ઈશ્વરને

તો કોઈએ જોયો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી અને એ કેવી રીતે કામ કરે છે એ સીસ્ટમ પણ આપણને ખબર નથી તો પછી અંધશ્રદ્ધાથી ભગવાનની મહેરબાની એમ જ બોલીએ છીએ ને. ઘણા કહેશે અમે તો બધાય ભગવાનને માનીએ. બધાનો ગુણ એક તો ન હોય ને? એવી રીતે જેટલા ભગવાન એટલા જુદા જુદા ગુણો, આવું તો હોઈ શકે? દરેક ભગવાનમાં એક સરખા ગુણ તો હોવા જ જોઈએ છતાં અજ્ઞાનવશ એવી અંધશ્રદ્ધાથી ભક્તિ થતી હોય તો પણ મારા ભગવાન સો ટકા સાચા છે. દુનિયા જે પણ કહે, હું જેને પૂજું છું એ સાચા છે એવી સાચા હૃદયથી, હૃદયના ભાવથી જિનભક્તિ થવી જોઈએ.

જેને આત્માનો સાક્ષાત્કાર છે એના આત્માને જોવાનો પ્રયત્ન કરીએ તો દેહની ચેષ્ટા ઉપરથી આત્માની દશા ખબર પડે.

જિનભક્તિમાં અતિશુદ્ધભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું. એટલે જે પણ ભગવાનની ભક્તિ ચાલી રહી છે એમાં હૃદયની શુદ્ધતા અને ભાવની નિર્મળતા એ અત્યંત અત્યંત જરૂરી છે. હવે નિયમ એ છે કે જેની ભક્તિ આપણે કરીએ એના જેવા આપણને થવાનું મન થાય, એના ગુણ મને પ્રાપ્ત થાય. હવે આટલા બધા ભગવાનની જ્યારે સાચા હૃદયથી ભક્તિ થતી હોય તો વર્ષે, બે-પાંચ વર્ષે કે બે-ચાર ભવ પછી પણ જીવને વિચાર અવશ્ય આવે કે મારે તો ભગવાનનાં ગુણ પ્રગટ કરવા છે. પછી નક્કી કરવાનું આ પાંચમાંથી કયા ભગવાનના ગુણ મને જોઈએ છે. તો કોઈ ચંડિકારૂપ શક્તિ માંગશે, કોઈ વીતરાગતા માંગશે, કોઈ ગણેશ પાસેથી સંપત્તિ માગશે. આવું થવા માંડશે એટલે આચરણની અંદર ફરક પડશે. પોતાની મરજીથી એ ત્યાગ અને વૈરાગ્યની અંદર ઉતરે, સાદાઈથી રહેવા માંડે, જુઠું ન બોલે, લોકોને નિખાલસતાથી કહેશે આ મારા દોષ છે તમે માફ કરજો. દોષ જાય એવી ટ્રાય કરું છું, ન જાયતો મને માફ કરો. એ રીતે જીવનની અંદર જબરદસ્ત પલટાઓ આવે. આ આખો પ્રોસેસ થતાં ૨-૫-૧૫ ભવ પણ હોઈ શકે છે, એક ભવ પણ હોઈ શકે છે. સાચા હૃદયથી કોઈપણ ભગવાનની ભક્તિ જ્યારે ચાલે ત્યારે આચરણની શુદ્ધિ આવે જ એટલે આચરણની શુદ્ધિથી સીંપલ લીવીંગ હાઈ થીંકીંગ થતું જાય.

હજી આગળ કેમ વધીએ એમ જ્યારે થાય અને આટલી સાદાઈથી જ્યારે વર્તતા હોઈએ અને આવું ચારિત્ર પળાતું હોય ત્યારે એવાજ લોકોનો સંગ એને ગમે. જ્યારે આ દશા આવે છે ત્યારે સાચો સત્સંગી મળે છે જે આત્માની આરાધના કરે છે. ત્રીજા સ્ટેજમાં જીવને સત્સંગની પ્રાપ્તિ થાય છે અને સત્સંગની જ્યારે પ્રાપ્તિ થાય છે ત્યારે સમજાય છે સત્ કહેતાં આત્મા સિવાય કંઈ જ નહીં. મને મારા આત્માનો સાક્ષાત્કાર, અનુભવ થવો જ જોઈએ. સત્સંગની અંદર બસ આજ વાત આવે આત્માની ઓળખાણ કરો, આત્માની ઓળખાણ કરો, જૈન દર્શન પ્રમાણે સમક્તિની પ્રાપ્તિ કરો.

આવો સત્સંગ જ્યારે બળવાન પણે ચાલે છે ત્યારે લક્ષ આવે કે જેને આત્મા પ્રાપ્ત છે, જેને આત્માની ઓળખાણ છે એની પાસે જઈએ કે તારો આત્મા દેખાડ કેવો છે, તો મારો આત્મા દેખાય. જેમ અરિસામાં મોઢું જોઈએ અને આપણું

મોઢું દેખાય એવી રીતે જેને આત્માનો સાક્ષાત્કાર છે એના આત્માને જોવાનો પ્રયત્ન કરીએ તો દેહની ચેષ્ટા ઉપરથી આત્માની દશા ખબર પડે. જીવને અદ્‌ભૂત એવી દિવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે કે એમના દેહની ચેષ્ટા એટલે મન-વચન-કાયાથી જે રીતે વર્તી રહ્યા છે, એ વર્તન અજ્ઞાની કરતાં કંઈક જુદું છે. અજ્ઞાની કરતાં કંઈક જુદું છે. બાહ્ય દેહની ચેષ્ટાથી લાગે કે આ જીવને આત્મા પ્રાપ્ત છે. એ જ્ઞાની પુરુષ છે એવી ઓળખાણ ઘણા દીર્ઘકાળના સત્સંગથી જીવને પ્રાપ્ત થાય છે. હવે આવા સત્સંગથી સંતની પ્રાપ્તિ થાય એટલે સાચા એવા આત્મપ્રાપ્ત જ્ઞાની પુરુષનું શરણ સ્વીકારે અને અનેક ભવોની જે માન્યતા, મિથ્યામાન્યતા કે 'હું કરું છું એજ સાચું, અમારું કુટુંબ, અમારો સંઘ કે સંપ્રદાય કરે છે એ સાચું,' એ બધું ભૂલાઈ જાય છે અને હું કંઈ પણ જાણતો નથી, ફક્ત આત્માને જાણવાની ઈચ્છા છે આ સિવાય મારી પાસે કંઈ સમજણ નથી અને જે કંઈ બુદ્ધિથી મારી સમજણ છે એ બધા ઉપર ચોકડી. બસ એક જ લક્ષ છે. આ મનુષ્યભવમાં કોઈ સંતપુરુષના સમાગમમાં આવી ગયા છીએ, એવા જ્ઞાની પુરુષની ઓળખાણ થઈ ચૂકી છે. હવે એક આત્મા સિવાય કંઈ ન જોઈએ, એજ લક્ષ છે અને હું જે કંઈ જાણું છું એ બધુ ભૂલી જવા માંગુ છું, ભૂંસી નાખવા માંગુ છું. એકડે એકથી શરૂઆત કરવા માંગુ છું. પ્રભુ કૃપા કરો, પ્રભુ કૃપા કરો અને જ્યારે જીવને આવી યોગ્યતા પ્રાપ્ત થાય અને સંતને, જ્ઞાની પુરુષને લાગે કે આ દાનને યોગ્ય પાત્ર છે પછી એ જ્ઞાનનું દાન ચોક્કસ કરે જ અને મોક્ષમાર્ગનું રહસ્ય એ જ્ઞાની પુરુષ એને આપે છે.

તીવ્ર ઝંખના અથવા જિજ્ઞાસા એ છે કે બીજા કામ પડતાં મૂકી જે જિજ્ઞાસા છે એની પાછળ પડીએ.

જીવ આરાધના અને સાધના કરે ત્યારે અનેક ભવોમાં ક્યારેય નથી થઈ એવી શાંતિનો અનુભવ, એવા આનંદનો અનુભવ અથવા એવી શૂન્યતાનો અનુભવ ૧-૨-૫ સેકંડને માટે થાય અને જીવને ચોક્કસ લાગે આ પહેલાનાં કોઈ ભવની અંદર આવો અનુભવ નથી થયો. આ ભવની ઉંમર ૨૦ વર્ષની કે ૫૦ વર્ષની હોય પણ જ્યારે અનુભવ થાય ત્યારે આત્મા સાક્ષી આપે કે હજારો વર્ષોમાં આ અનુભવ મને નથી થયો એવું મને લાગે છે. હવે ઉંમર ૫૦ વર્ષની હોય અને હજાર વર્ષનો અનુભવ બરાબર માથાને સ્પર્શ કરે, હૃદયને સ્પર્શ કરે, ફીલ થાય ત્યારે આત્મા જાગૃત થયો અને હવે સાચા અર્થમાં ધર્મની આરાધના શરૂ થઈ. એવી રીતે અમુક કાળ માટે આ શૂન્યતા હાજર થાય તો ખબર પડે કે છેવટની દશા હવે કેવી રીતે લાવવાની છે. ૨-૫-૭ ભવ લાગે, કોઈ બળવાન એવો પુરુષાર્થ કરી શકે તો આ અને આના પછીનો એક ભવ. આ થાય તો ક્ષણ-ક્ષણ પલટાતી એવી વૃત્તિ ન આવે અર્થાત્ કેવળજ્ઞાન કે સર્વજ્ઞપણું કહીએ, આખા બ્રહ્માંડનાં આ દિવ્યદૃષ્ટિથી દર્શન કરી શકીએ એ દશાની ચોક્કસ ચોક્કસ જીવને પ્રાપ્તિ થાય.

જીવ પોતે પોતાની મેળે નક્કી કરે કયા સ્ટેજમાં છે; સત્સંગ સુધી પહોંચેલા છીએ કે પછી જિન ભક્તિની અંદર લીન છીએ. જિન ભક્તિમાં લીનનો અર્થ લૌકિક રીતે જગત આખું જે પ્રકારે

પોતાના ઈષ્ટદેવની આરાધના કરે છે તે.

આ પ્રમાણે ઠેઠ સુધીના મોક્ષના પગથિયા બતાવ્યા.

''જે જિજ્ઞાસુ જીવને મહત્ પુણ્યનો ઉદય હોય, તેને પોતાનાં પૂર્વનાં શુભ ઋણાનુબંધી સંતપુરુષ કે સત્પુરુષનો સમાગમયોગ સુલભપણે આવીને મળે છે, તેમની ઓળખાણ અને પ્રતીતિ સહજતાએ થાય છે અને તેના શુભ પરિણામે તેમની ભક્તિને પ્રાપ્ત થવાથી તે ભાગ્યવંત જીવનું પરમાર્થ માર્ગમાં પ્રવેશવું અને પ્રયાણ કરવું જલદીથી થાય છે.''

જિજ્ઞાસુજીવને આત્માની ઓળખાણ કરવાની તીવ્ર એવી તાલાવેલી લાગી છે એ પહેલી કંડીશન છે. જે વસ્તુની તીવ્ર ઝંખના હોય એની પ્રાપ્તિ માટેનો જીવ પુરુષાર્થ કરે. જે પદાર્થની સહજ ઈચ્છા હોય એ પદાર્થની પ્રાપ્તિ ક્યારેય જીવને ન થાય એ આપણા બધાનો અનુભવ છે. આખી જિંદગી સુધી ભાવ છે, ભાવ છે એમ બોલીએ તો એ સહજ ભાવ છે, એ તીવ્ર ઝંખના, જિજ્ઞાસા નથી જ. તીવ્ર ઝંખના અથવા જિજ્ઞાસા એ છે કે બીજા કામ પડતાં મૂકી જે જિજ્ઞાસા છે એની પાછળ પડીએ. એટલે મોક્ષમાર્ગની કે આત્મસાક્ષાત્કારની તીવ્ર ઝંખના અને જિજ્ઞાસા એવા જીજ્ઞાસુ જીવની હોય છે.

સંસારની કેટલાય ભવોની જે આપણી બટર પોલિશ કે ખુશામત કરવાની ટેવ છે એ જ્યારે કોઈ જ્ઞાની પુરુષને કરીએ તો એનું નામ 'ભક્તિ'.

બીજી કંડીશન મહત્ પુણ્યનો ઉદય બે પ્રકારે હોય. પહેલાં પ્રકારનો એ કે જેની પાસે રિદ્ધિ સિદ્ધિ, સંસારની સંપત્તિ છે અને કોઈ પુણ્યના યોગે એવો વિચાર આવે કે પાપે કરીને, ચોરી કરીને, જૂઠું બોલીને, અનેક પ્રકારના કાવા-દાવા કરીને મારી સંપત્તિ ભેગી થઈ છે; હવે આ પાપનું પ્રાયશ્ચિત જોઈએ. સાચું પ્રાયશ્ચિત તો આત્મા પ્રગટ થયા પછી જ થાય. પછી આત્માની તીવ્ર ઝંખના થાય અને આવી તીવ્ર ઝંખના થાય તો ચોક્કસ વિચાર આવે કે કોની પાસે આત્મા મળે, તો આત્મજ્ઞાની પાસે જવું જ પડે કે તમારી પાસે આત્મા હોય તો મારી જીજ્ઞાસા છે શું ભાવમાં આપશો ? ભાવની જ તો વાત છે ને ? ભાવથી જ બધું છે એટલે જ્ઞાની પુરુષ એ ભાવ જ માંગશે કે શું ભાવ આપો છો ?

આવી તીવ્ર ઝંખના થાય અને જ્યારે સાચો ભાવ, હૃદયના ઊંડાણથી આપવાની તૈયારી થાય તો પછી પૂર્વના પુણ્યના જોગે ચોક્કસ એ જીવને આવા આત્મજ્ઞાની પુરુષની કોઈને કોઈ નિમિત્તે એક મુલાકાત થઈ જ જાય. અને જ્યાં એની મુલાકાત થાય તો કાં ફસ્ટ સાઈટ લવ ને હિસાબે તરત જ એમની માન્યતા થઈ જાય અને જીવ ચોક્કસ હોય કે ગમે ત્યાં અંધશ્રદ્ધા નથી કરવી, તો થોડાક મહિનાઓ કે વર્ષો એના પરિચયમાં રહે અને પછી એ સાચા છે એવી પ્રતીતિ એને મળે ત્યારે એ સંતના શરણે જાય. **એટલે પૂર્વના શુભ ઋણાનુબંધી સંત કે જ્ઞાની પુરુષનો સમાગમ યોગ એને સુગમ પણે આવીને મળે છે.**

જ્ઞાની પુરુષની ઓળખાણ એક રીતે અત્યંત અત્યંત ભયંકર અઘરી છે અને બીજી રીતે સાચો જીજ્ઞાસુ જીવ છે જેને આત્મા પ્રગટ કરવો છે એની માટે અત્યંત સહજ અને સહેલું છે.

સમાગમ થયા પછી તેમની ઓળખાણ અને પ્રતીતિ સહજતાએ થાય છે.

હવે પ્રતીતિ શું અને ઓળખાણ કેવી રીતે થાય? સત્પુરુષના પરિચયમાં આવ્યા પછી સંસારના કે પરમાર્થના ગમે તેવા પ્રોબ્લેમ એમને પૂછો, એના માટે એ જે સોલ્યુશન કહે એ ૧૦૦ ટકા કામ લાગે. જે વસ્તુ વર્ષોથી ન જતી હોય અથવા ન થતી હોય એવું એમને કહેવાથી સહજપણે એ વસ્તુની પ્રાપ્તિ થાય અથવા અપ્રાપ્તિ જો દૂર કરવાની હોય તો દૂર થાય. જે ઘણા ભવોથી નથી થતું એનું જ્ઞાની પુરુષ જે કાંઈ ઉપાય વચન કહે એ ઉપાયથી સચોટ એનું પરિણામ આવે, આ એની પ્રતીતિ અથવા પ્રુફ. હવે એક વાર, બે ચાર વાર કે પાંચ-સાત વાર આવા પ્રુફ મળે કે જે ઉપાય એ કહે છે એના સક્સેસફુલ રીતે સાચા પરિણામ આવે છે પછી એમની બળવાન શ્રદ્ધા થાય છે કે આ જ સાચા જ્ઞાની પુરુષ છે.

સાચી ઓળખાણ થઈ જાય તેના શુભ પરિણામે તેમની ભક્તિને પ્રાપ્ત થવાથી તે ભાગ્યવંત જીવનું પરમાર્થ માર્ગમાં પ્રવેશવું અને પ્રયાણ કરવું જલદીથી થાય છે.

જ્યારે આટલી પ્રતીતિ મળી ગઈ એ આત્મજ્ઞાની છે તો સંસારની કેટલાય ભવોની જે આપણી બટર પોલિશ કે ખુશામત કરવાની ટેવ છે એ જ્યારે કોઈ જ્ઞાની પુરુષને કરીએ તો એનું નામ 'ભક્તિ'.

જ્યારે પ્રતીતિ મળે છે તો જ્ઞાની પુરુષની ભક્તિ સહજાસહજ થઈ જાય છે. એવી ભક્તિ સંસારથી વાળી જ્ઞાની પુરુષ પ્રત્યે થાય એટલે આપણું કામ પુરું. એ એમની જવાબદારી છે આ સંસારની ભક્તિમાંથી પરમાર્થ ભક્તિમાં આપણને કેવી રીતે કન્વર્ટ કરવા. સંસારી ભાવને કેવી રીતે ફોસલાવી ફોસલાવીને આપણને ખબર ન પડે એવા પરમાર્થ માર્ગમાં મૂકી દે અને મોક્ષ માર્ગમાં પ્રવેશ, એન્ટ્રી મળી જાય. જેમ હાઈવે ઉપર પહોંચી ગયા પછી ડેસ્ટીનેશન સુધી ક્યાંય ટર્ન ન હોય. એવી રીતે પ્રવેશ પ્રયાણ થાય છે અને બે-ચાર ભવે કે વધારેમાં વધારે પંદરમો ભવ, સોળમો ભવ તો બની જ ન શકે. એટલા વખતમાં જીવને ચોક્કસ કલ્યાણનું કારણ થાય જ.

મોક્ષનો આ ધુરંધર હાઈવે કહીએ, રાજમાર્ગ કહીએ તો ભક્તિ જ છે અને ભક્તિનાં માર્ગ ઉપર આવ્યા એટલે મોક્ષમાર્ગ ઉપર આવી ગયા એ નિયમ છે.

હવે જે ભક્તિ જ્ઞાનનો હેતુ છે અને જ્ઞાન મોક્ષનો હેતુ છે, તે ભક્તિનું સત્ય સ્વરૂપ સમજીએ; અને તે સ્વરૂપ સમજવાની સાથે સાથે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના ''મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે.'' (પત્રાંક ૩૮૦) એ વચનો પ્રતીતરૂપ થશે.

મોક્ષનો આ ધુરંધર હાઈવે કહીએ, રાજમાર્ગ કહીએ તો ભક્તિ જ છે અને ભક્તિનાં માર્ગ ઉપર આવ્યા એટલે મોક્ષમાર્ગ ઉપર આવી ગયા એ નિયમ છે. ◆

---

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

स्वच्छंद

पिछले अंक में परम कृपालु देवने वचनामृतजी के पन्ने पन्ने पर स्वच्छंद के बारे में जितना लिखा है, उसमें से कुछ पद पर समझ ली। जब तक स्वच्छंद और प्रतिबंध जीव टाल न सके, तब तक जीवमें तीर्थंकर का बोध भी परिणाम नहीं पा सकता। लोभ और मान, ये दोनों दोष ऐसे है कि कितने ही जन्मों तक पुरुषार्थ करने में आये और साथ में सद्गुरु का साथ हो तो ही लोभ और मान टल सकते हैं। इन दोनों की सुक्ष्मता ऐसी है कि जीव इन्हें पहचान नहीं सकता।

स्वच्छंद का अर्थ सरल नहीं; एकदम सरल है। स्वच्छंद याने स्वयं को जो राग बहुत अच्छी तरह आता है, वो। 'स्व' याने 'मैं' और 'छंद' याने अलग अलग 'राग' जैसे भैरवी, मालकोश.. आदि। अब जब अपने को जो राग बहुत ही अच्छे से आता हो, उस पर सबसे ज्यादा, राग-द्वेष वाला राग तो होता ही है ना? इसलीये जब स्वच्छंद कहते हैं, तब अपना अत्यंत, अत्यंत बलवान ऐसा 'राग'; राग अर्थात् जो राग बहुत अच्छे से आता हो वो। गायक लोग मन में सोचते हैं - मेरा गला बहुत अच्छा है। बहुत से लोग खूब ताली बजाते हैं, बहुत अच्छा लगता है, अर्थात् राग पर राग होता है। अब सबसे ज्यादा महत्व की बात तो यह है कि स्वच्छंद में 'स्व" याने कौन? जो गाता है वो चेहरा? और स्वच्छंद में रहा हुआ स्व याने तो आत्मा होता है और छंद कहें तो आत्मा का जहाँ जहाँ राग है वो। परंतु अभी जो बात चल रही है, वो अज्ञानी जीव की है, जिसे धर्म के विषय में थोड़ी समझ है, पर सच में धर्म क्या है? यह पता नहीं। स्वयं जो कुछ करता है, उसे धर्म कहता है। और उसी तरह धर्म का पालन करता है। पर धर्म का जो फल मिलना चाहिये याने की आत्मा की पहचान, वह तो अनादि काल से आज तक मिली नहीं। धर्म का फल वीतरागता कहा है। वीतरागता का दूसरा नाम केवल ज्ञान अथवा सर्वज्ञपना कहें, तो करोड़ो करोड़ो जन्मों से या अनादि काल से सब लोग किसी ना किसी प्रकार का धर्म करते ही हैं। और जैन लोग तो सबसे ज्यादा धर्म करते हैं, क्योंकि महान धर्म है। करोड़ वर्ष तक जैन धर्म करने के बाद भी अगर प्राप्त होना चाहिये, उस फल का एक अंश मात्र भी जो प्राप्त नहीं हुआ हो तो उसे धर्म किस तरह कह सकेगें? अथवा क्या उसे धर्म कह सकते है? जैन धर्म नहीं कह सकते। सब जानते हैं, तो फिर अभीतक चाहे जो व्यक्ति

धर्म के विषय में चाहे जो जानता हो, पर जिस फल की प्राप्ति होनी चाहिये वह जो ना हो तो वो अधर्म है, धर्म तो नहीं ही।

अत: यहाँ स्वच्छंद का अर्थ ऐसा होता है - कि जिस जीव को मैं कौन हूँ, यह पता नहीं और स्वयं को जो पहचानता नहीं, वह जीव याने की अज्ञानी जीव, जो अधर्म कर रहा है, उस पर राग कितना उसे हो सकता है, यह सोचने जैसा है। जो सच्चा सत्धर्म कर रहा है, जिसे कुछ समझ है, वो राग-द्वेष कम करने का प्रयत्न जरूर करता है। पर अज्ञानी जीव, जो स्वयं को देह समझता है, आत्मा समझता ही नहीं, ऐसा जो जीव है वो जब राग करता है, तो किस हद तक का राग होता है? अभी बात चल रही है, संसारी, अज्ञानी ऐसे जीव की जिसे आत्मा की यथार्थ समझ नहीं हुई। ऐसा जिन्हें समझ में नहीं वो अपने शरीर को स्वयं समझते है। शरीर के प्रति जीव को सबसे ज्यादा राग, आसक्ति भाव होता है। जीव को अपनी हर एक वस्तु पर बहुत ज्यादा आसक्ति भाव रहता है। इसीलिये देहधारी को अपनी मान्यता के प्रति बलवान श्रद्धा होती है। जितनी बलवान बुद्धि, उतनी बलवान मान्यता। अब, जो कोई संसारी जीव है वो, सबसे अधिक राग अपनी देह से करता है। यह कहते हैं, तब एक क्षण के लिये अभी या बाद में विचार आना चाहिये कि, मेरे लिये यह वचन कितना सच्चा है? फिर इस देह के साथ जितने निकट के संबंध में, जो जो लोग आते है, उनके प्रति भी उतना ही अनहद राग और जहाँ जितना राग है, वहाँ उतना ही छुपा हुआ द्वेष है, यह तो सब जानते होंगें। जब छोटे है तो, माँ बाप के प्रति, थोड़े बड़े हुए तो भाई-बहन के प्रति और बड़े हुए तो सबसे ज्यादा पत्नी के प्रति, इस तरह देह के अत्यंत निकट के संबंध में जो जो हैं, उनके साथ अत्यंत राग और राग के पीछे छुपा हुआ उतना ही द्वेष, दोनों साथ ही रहे हुए है। इस तरह स्वच्छंद का अर्थ इतना ही तो हुआ कि अज्ञानी जीव स्वयं को देह मानता हो या 'मै आत्मा हूँ' ऐसी समझ ना हो उसका राग-द्वेष तीव्र होता है। अब जिसके पास शारीरिक शक्ति ज्यादा है, वो अपने शारीरिक बल से बहुत मार-पीट कहें या जो दूसरे कार्य जहाँ बल की जरूरत पड़ती है, कर सकता है। तो फिर जिसकी बुद्धि अत्यंत तीक्ष्ण है, अथवा शक्तिशाली है, तो जितनी बुद्धि ज्यादा, शक्तिशाली उतना ज्यादा क्रोध कर सकता है, उतना ज्यादा द्वेष कर सकता है। अत: जब तक जीव को समझ नहीं और देह ही मैं हूँ, ऐसा मानता है, तब तक भयंकर राग-द्वेष रहे हुए है, और स्वच्छंद भी उतना ही उसमें समाया है।

स्वच्छंद में रहा हुआ स्व याने तो आत्मा होता है और छंद कहें तो आत्मा का जहाँ जहाँ राग है वो।

अब जब राग-द्वेष का उदाहरण दूं तो ऐसे ही एक वाक्य याद आया। एक भाई मिले। जब उनके साथ परमार्थ के बारे में बात हुई तो इतना ही मुझे कहा कि - 'मेरे में क्रोध इतना ज्यादा है इसलिये धरम की बात मेरे साथ नहीं करने की।' और फिर उदाहरण दिया कि - 'मैं इस सोसायटी का सेक्रेटरी हूँ और ७-८ कमीटी मेम्बर हैं। उसमें से ६-७ लोग जो निर्णय करते हैं, उसके विरुद्ध में, मैं बोलता हूँ और मैं पूरवार कर देता हूँ, कि मैं सच्चा हूँ, और मुझे सच्चा लगता ही है। और मैं जब सच्चा होता हूँ, तब किसी तरह समाधान कर सकता हूँ। अर्थात् इतनी तीक्ष्ण बुद्धि उनके पास होती है, कि सात लोग

जो निर्णय लें उससे उनका निर्णय होता है, फिर भी उनको लगता है, उनका निर्णय एकदम सच्चा है। फिर इतना तेज स्वर में चिल्ला कर बोलना, की सब परेशान हो जाये और कहें की अभी इनका मान लेते हैं और सब अपना छोड़ देते हैं अर्थात् इतना क्रोध मेरे में हैं। उनके ऐसे कहने पर मैं हसाँ और सोचा यह दोष मुझे सबसे अच्छा लगता है। और कहा - आपका क्रोध का यह दोष मुझे सबसे अधिक अच्छा लगता है। तो उन्होंने कहा - ऐसा कैसे? मैंने कहा - आपमें एक खूबी है, कि जो वस्तु आपको सच्ची लगती है, दूसरे शब्दों में कहूँ तो आपकी जो मान्यता है, आप जो मानते हो वह जब आपको सच्चा लगता है, तो आप सारी दुनिया के साथ लड़ सकते हो। तो जो मैं कह रहा हूँ, वह जब आपको सच्चा लगेगा, तो आप सारी दुनिया के साथ लड़ लेगें अर्थात् आपकी जो मान्यता है कि 'मैं ही सच्चा हूँ' यह तीक्ष्ण बुद्धि से, ज्यादा मजबूती से, स्वयं जो मानते हैं, वो दूसरो में ठूंस सकते है, कि मैं ही सच्चा हूँ, मैं ही सच्चा हूँ। इस तरह जीव की अनेक अनेक भवों की जो मान्यता है, उस मान्यता का नाम स्वच्छंद कहे तो चलेगा। अब यह स्वच्छंद परमार्थ के लिये हम समझना चाहते हैं। इसलिये जो जो जीव की धर्म के बारे में, संप्रदाय के बारे में - 'मैं देरावासी, मैं स्थानकवासी, मैं दिगंबर, मैं श्वेताम्बर' ऐसी दृढ़ मान्यता है, कि मेरा ही धर्म सर्वोपरी है। इस्लाम वाले मियां भाई को कहें तो हाथ में छुरा ले कर खड़े रहेंगे, भयंकर हिंसा करेंगे तो भी कहेंगे - हम जो करते हैं, वही धर्म सच्चा।

जब तक जीव को समझ नहीं और देह ही मैं हूँ, ऐसा मानता है, तब तक भयंकर राग-द्वेष रहे हुए है, और स्वच्छंद भी उतना ही उसमें समाया है।

कहने का तात्पर्य है कि अनेक अनेक भवों की कम्पाउन्डींग ईफेक्ट, अनेक भवों के कर्मो का संयोजन जो आज है, अर्थात् ऐसी अनेक भवों की जो मान्यता है वो अत्यंत बलवान है और जितनी बलवान है, उतनी उनकी बुद्धि बलवान होनी चाहिए। प्रत्येक जीवने जितने ही भवों से जिस प्रकार धर्म किया है, वैसी मान्यता अत्यंत बलवान रुप से है और निश्चित है। अब धर्म के बारे में जो मान्यता कही है, यह भी सिर्फ मान्यता नहीं, बलवान मान्यता है। आज जितने भी करोड़पति कहें या अरबपति कहे, वे एक ही बात मुझे कहते हैं कि 'हमे कौन सा ऐसा बड़ा दु:ख है कि भगवान को माने? दु:ख तो भगवान को है। उपर बैठे बैठे देखते रहते है - यह दु:खी है, वह दु:खी है और मैं कुछ नहीं कर सकता।" भगवान कुछ नहीं कर सकते, यह तो पता है और किसी का दु:ख देख कर कुछ ना कर सकें तो इस बात का दु:ख तो होगा ना? और इसलिये उपर बैठे बैठे दु:खी ही है। और जो आज यहाँ पैसेवाले हैं, करोड़पति है, वो कहते है, हम तो सुखी हैं और जरूरत पड़ने पर रोगी को दवा दे देते हैं। हॉस्पिटल खोल देते हैं, और क्या जरूरत? अत: धर्म की हमें जरूरत नहीं। ऐसी दृढ़ मान्यता वाले भी है, याने मान्यताएँ अनेक प्रकार की हैं।

अनेक भवों के संस्कार के कारण हर एक / प्रत्येक जीव की अमुक प्रकार की अत्यंत अत्यंत बलवान ऐसी दृढ़ मान्यता होती है और होगी ही। अभी हम सब परमार्थ के लिये स्वच्छंद को समझना चाहते है, इसलिये ऐसी मान्यताएँ धर्म के

अनेक भवों के संस्कार के कारण हर एक / प्रत्येक जीव की अमुक प्रकार की अत्यंत अत्यंत बलवान ऐसी दृढ़ मान्यता होती है और होगी ही। अभी हम सब परमार्थ के लिये स्वच्छंद को समझना चाहते है, इसलिये ऐसी मान्यताएँ धर्म के विषय में किस तरह की है, उस प्रकार को विशेष रूप से समझने की जरूरत है।

विषय में किस तरह की है, उस प्रकार को विशेष रूप से समझने की जरूरत है। मतलब मान्यता में अधर्म के विषय की मान्यता ऐसा समझने के बदले धर्म के संबंध में मान्यता समझना योग्य है। जीव अपनी मान्यता से मानता है कि श्वेताम्बर, दिगंबर, मुर्तिपूजक, देरावासी, स्थानकवासी.. आदि संप्रदाय से ही मोक्ष होता है। या फिर उग्र तपस्या, देव पूजन, शास्त्र वांचन इत्यादि से ही मोक्ष मिलता है। अथवा बौद्ध, वेदांत, नैयायिक, जैन... दर्शन से ही मोक्ष है। ऐसी सारी एकांतिक मान्यताएँ स्वच्छंद में आ जाती है। यहाँ एकांतिक शब्द अत्यधिक महत्वपूर्ण है। दिगंबर ऐसा कहते हैं - दिगंबर मार्ग से ही मोक्ष है, यह १०० % सच्ची बात है, पर आगे जब कहते है कि दिगंबर मार्ग से ही मोक्ष है, दूसरे किसी मार्ग से मोक्ष नहीं और इस तरह आग्रह पूर्वक यह समझना कि इस एक ही मार्ग से मोक्ष है। इस सम्प्रदाय से मोक्ष है, और दूसरे सब से नहीं। 'नही' यह समझना या मानना ही अज्ञान है, पर हमारे मार्ग से मोक्ष है इसी दूसरे से भी हो सकता है। आप, अपनी तरह से हर एक जगह प्रयत्न पुरुषार्थ करके देखो और मोक्ष का कारण किस जगह आप को मिल रहा है, यह देखो। तो आज तो ऐसा कहने वाला कोई नहीं। आज तो हर एक जगह यही कहने में आता है कि यही सत्य है, यही (हम ही) सत्य है। आपको सुन कर आश्चर्य होगा की स्थानकवासी में बहुत बड़ा नाम हुआ है घासीराम जी, जिन्होंने सभी शास्त्रों का हिन्दी में अर्थ किया है, और १०० - १०० पन्ने की एक पुस्तक हो ऐसा सब लिखा हुआ हैं, पर उसमें बहुत जगह ऐसा आ गया है कि स्थानकवासी धर्म से ही मोक्ष है, दूसरे धर्म से नहीं। इसी तरह, इतना ही बड़ा नाम है 'टोडरमलजी' का, वो भी ऐसा ही लिखते हैं कि दिगंबर से ही मोक्ष है। यहाँ आश्चर्य इस बात का होता है कि इतने बड़े पुरुषो ने पाया नहीं होगा कि एकांतिक रूप से ऐसा ही होना चाहिये, ऐसा लिखा हुआ होगा। इसीलिये फिर से कहता हूँ, हम सब के अंदर अमुक प्रकार की ऐसी ग्रंथी बंधी हुई होगी ही, की इतना यह सच्चा है, बाकी नहीं। इस तरह ऐसी ग्रंथी हजारों प्रकार की है जैसे अलग अलग सिर में अलग अलग दिमाग ऐसा कहते हैं। कहने का आशय है कि इस प्रकार से हर एक ने अपने मन की भिन्न भिन्न प्रकार की अमुक मान्यताओं को पक्का किया ही होगा और ऐसी जो मान्यताएं अनादिकाल की है, ये जीव को स्वयं को पता भी नहीं चलता की यह मेरी मान्यता का दृढ़त्वपना है। वह तो ऐसा ही समझता है - सहज है, सरल है, मैं सब मानता हूँ पर अंदर गहराई में अनकोन्सीयस माईन्ड या उपचेतना में यह वस्तु पड़ी हुई रहती है और उसमें कोई फर्क नहीं पड़ता। ◆

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के 'स्वच्छंद" के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

UPDESH CHHAYA*

We learned in the last issue that...

Every day, the seeker puts forth doubts born out of imagining about beings with single sense to Guru; each day repeatedly, subject of his queries remains the same. What has he resolved - to be born with only a single sense?! The question, what is the benefit of knowing about beings with one to five senses, does not arise in him. The deep rooted falsehood cannot get removed by imagining about single sense beings; getting insight on single sense beings is fruitless. Actually, the goal is of Samkit (Liberation) and so, instead of persisting with useless questions about small beings, should request Guru "I have come to know about single sense beings today; please do not continue with it tomorrow but please clarify Samkit. Such query can someday be fruitful but will any benefit accrue if he persists with queries about single sense beings?

Seawater is salty and it is not possible to easily remove its saltiness. It should be channelized and accumulated in pits and special alkalis should be added to form salt, thereby removing the saltiness from water. Similar is the case of eternal falsehood - like a sea having saltiness of obstinacy. Thus, ancestral faith should be channelized to the specially dug pit and alkali, in the form of right guidance from Guru, should be added to remove the saltiness.

Feeble body saddled with month-long fasts, behold the illusionary pretend; Even then will take births infinite, so say organ second.

The more the delusion, the more the worldly fascination.

Falsity is the biggest ailment.

..... and continue herewith as floows .....

- **Gautam Swami put forth questions from Vedas to Mahavir Swami; Mahavir Swami, who is completely devoid of all faults, clarified by proving with examples from Vedas.**

Indrabhuti, an astute scholar of Vedas, although knowing own self as Aatma, was unable to accept. He regularly conducted Yajna, where even large animals like buffaloes and horses were sacrificed in a fire, created specifically for this purpose. Non-violence is accepted to be the highest form of endeavour towards spiritual pursuit. Isn't attaining moksh by Indrabhuti in the same life time during which he was responsible for death of so many large animals, baffling? We, on the other hand, steadfastly believe that by consuming a single sense being like potato, we will have to incur a lifetime in hell! Doesn't the stark contradiction compel us to pursue a different thought process ?

The incidence of knowledgeable

Brahmin Indrabhuti meeting Bhagwaan Mahavir for the first time is well known, when he was greeted by name and was assured "Aatma exists; you are Aatma". Mahavir's these words instantly shattered all doubts in Indrabhuti's mind and he was firmly reassured of own true existence as Aatma. Such is the uniqueness of Gyani. They never insist or impose but simply allow seeker to conclude and connect.

An incident in the life of Prabhushreeji will not be out of place to cite here. Param Krupalu Dev had given certain books of Vedic philosophy to Prabhushreeji, for study. Devkaranji, without permission, used to read these books and misinterpreted the teachings, declaring "Aham Brahmasmi", meaning "I am Brahma (pure Aatma). When Prabhushreeji queried about this, Param Krupalu Dev clarified that Devkaranji is absolutely correct in such assertion and that he really is a pure Aatma except that the purity is yet to be attained. This proves that copying someone by Swachchhand (self-will) can never be beneficial. In case of Indrabhuti too, Bhagwan Mahavir eliminated perceived contradictions by proving each to be true and thereby helped Indrabhuti overcome Swachchhand.

- **Praise highly, virtues of others, but never criticize anyone. Never say anything with Swachchhand. If at all, say devoid of any arrogance.**

Convey or inform, without arrogance only – not with any attachment, nor with spite. Convey that this is what I know for you, through someone which may or may not be true or may have been said to instigate. I am only conveying information to you. You decide how true or incorrect it is.

- **Reduction in raag (attachment due to liking) and dwesh (dislike or hatred) are fruitful only when aspiring for a higher spiritual goal. Simpletons are typically found to be with low raag and dwesh but, such low level is beneficial, only with high spiritual aspirations.**

A simpleton or a mentally challenged person typically has very basic needs and as such is found not to have high raag and dwesh. Any person making fun or despising such persons is of course indulging in raag or dwesh. For a simpleton though, such low level of raag and dwesh are not spiritually beneficial to him. Till raag and dwesh are brought down with a view to making Aatma equanimous, it does not prove to be beneficial.

- **An erudite or a self-realized person finds all philosophies or faiths to be equal. Within about 20 lacs Jains, there is much difference of opinions. From view point of a Gyani, there cannot be diversity.**

A learned person, having studied scriptures of various faiths and philosophies and having in-depth knowledge about them, is able to understand various philosophies and beliefs. As such, he is able to co-ordinate the seemingly diverse views and never finds them contradictory. Let us understand this by an example. A philosophy, knowing only up to a number 20 will call that 20 to be 100% knowledge and another, knowing up to 50 will call it's 50 to be 100% but a Gyani, knowing up to 100 knows that the person knowing

20 is not wrong and neither is the one knowing 50. Since they know only up to that number they believe that to be the total knowledge. This way, a Gyani is able to coordinate and conclude. It is only those, who possess zero knowledge (and are thus unable to correlate or coordinate seemingly divergent views), need to take a stand based upon their inherent beliefs and try to prove only that as correct, in turn proving all others wrong.

Within Jain followers, some very strongly believe in muhpatti (a piece of white cloth covering the mouth), where as an almost equal or a larger number very strongly believe, such muhpatti should not be there at all. Instead of muhpatti, had a piece of cloth been tied on the head during rituals, then, there was no dispute. Yet again, some very strongly believe that a thread must be used to tie the muhpatti so as to cover the mouth whereas others very strongly believe that the thread should never be used. Is the philosophy limited to something as trivial as a thread? Tied or not, important is whether Aatma is actually getting further entangled, or getting released from the bondage of it's karma ! Gyani shall always draw a seeker's attention towards this, rather than anything else.

An incident in recent past in Maharashtra, in which, firing was resorted to by the law enforcing agency to control the Jains, amongst whom there was a dispute – some very strongly opposed decoration or beautification of an idol in a temple while others, equally strongly, insisted on the same. Those, insisting not to allow adornments believed that Tirthankar had already overcome all inclinations and hence, no material things should be used to adorn the idol. Let us understand the rationale of those, who insisted on decoration. The 'material-less', 'attachment-free' state of Tirthankar is so inspiring! I too want to overcome my possessiveness and cravings for possessions. Whatever mine is yours. Seekers thus shun own inclination for possessions and 'give over' by adorning jewellery on idol. Rather than beautification, this is a symbol of devotion and allegiance. A little broad-mindedness resolves most issues, but only for those who want to understand. Those, who stubbornly wish to hold on to their opinion or beliefs, will be able to find many reasons to justify.

Just because so many people believe or accept, does not make that thing the truth. Again, from different angles, the thing may appear to be different. With Syadwad and Anekantwad, Bhagwan Mahavir has beautifully coordinated seeming contradictions and aptly joined different facets into an integrated whole. Keeping relativity and various angles in mind, if efforts are made with deep thoughts, contemplation and reflection to understand the way it is, the path to liberation becomes very easy.

Aum Shanti: Shanti: Shanti

**Chapter 957 – Shrimad Rajchandra Vachanamrut *Denotes Textual material*

Note: *This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan*



Questions from Aspirants Answers by the Enlightened One

સતત આત્માની જાગૃતિ રાખવાની પ્રેક્ટીસ કેવી રીતે કરવી ?

બહુ સહેલું છે. સતત આત્માની જાગૃતિ રાખવા માટે સંસારની બધી પ્રવૃત્તિઓ ભૂલી જઈએ. જે કાંઈ પ્રવૃત્તિ કરો, પૂરી થાય અને પંદર મિનિટ પછી તમને પૂછવામાં આવે કે તમે શું કરતા હતાં ? જવાબ આવવો જોઈએ કે સંસારની કંઈક ક્રિયા કરતાં હતાં, પણ યાદ નથી. આમ સંસારી ક્રિયા જેટલી જલ્દી ભૂલશો એટલી જલ્દી આત્માની જાગૃતિ હાજર થશે.

ઓપરેશન થિયેટરમાં પેશન્ટને એનેસ્થેસીયા આપવામાં આવે છે ત્યારે દેહ અને આત્માનું જોડાણ થોડા સમય માટે કપાઈ જાય છે ?

દેહ અને આત્માનું જોડાણ કપાઈ નથી જતું, આત્મા પરના જ્ઞાનાવરણ કર્મને કારણે જીવ બધું જાણી શકતો નથી. એનેસ્થેસીયાનું ઈન્જેક્શન લગાવવાના કારણે જાણકારી થોડીવાર માટે કપાઈ જાય છે.

ઘણીવાર જેને પોલીયો થયો હોય, એના પગના એટલા ભાગમાં કંઈપણ કરવામાં આવે તો કોઈ સેન્સેશન કે ફીલીંગ થતી નથી. ઘણા લોકો એમ કહે છે કે એટલા ભાગમાં જીવ (આત્મા) નથી, પણ જવાબ એવો છે કે ત્યાં પણ આત્મા છે. શરીરના જે ભાગમાં આત્મા નહીં હોય, એ

ભાગ સડવા માંડશે. જેમ મડદાને વધુ સમય રાખવું પડે તો તેમાંથી દુર્ગંધ આવે છે, સડવા લાગે છે. કોમામાં ઘણા લોકો ચાલ્યા જાય છે. તેમને કોઈ જાતની ફીલીંગ નથી થતી પણ શરીર જેવું હોય એવુંજ રહે છે, કારણ કે તેમના શરીરમાં હજી આત્મા છે.

નિરાગીને રાગ કરવાથી નિરાગી થવાય છે. કઈ રીતે ?

કોઈ સાચા નિરાગીને મળો... એને રાગ કર્યા કરો... પછી જુઓ, નિરાગી થવાય છે કે નથી થવાતું. રાગમાં હંમેશા અપેક્ષા હોય છે. આ ભવમાં, આની પહેલાના ભવમાં જ્યારે જ્યારે રાગ કર્યો છે ત્યારે ત્યારે અપેક્ષાઓ સહિત રાગ કર્યો છે.

હું તમારા માટે આટલું કરું છું અને તમે ધ્યાન પણ નથી રાખતા ! જ્યારે જ્યારે સામી વ્યક્તિ પ્રત્યેની આપણી ઈચ્છા, અપેક્ષા પૂરી ન થાય તો રાગ, દ્વેષમાં રૂપાંતરિત થાય છે. નિરાગીને તમે રાગ કરો તો કદાચ વર્ષો સુધી તમારી એકપણ ઈચ્છા પૂરી ન થાય, તમારી સામે જુએ પણ નહીં, છતાં એ સત્પુરુષને (પુરુષ એટલે આત્મા) રાગ કર્યા કરો એટલે સંસારમાં બીજા કોઈને રાગ કરી ન શકો. હવે રાગ ન હોય તો દ્વેષ પણ ન હોય. એટલે રાગ-દ્વેષ ઓછા થતાં જાય તો નિરાગી થઈ જવાય. નિરાગીને રાગ કરવાથી રાગદ્વેષનો બળવાન ક્ષય થાય.

સમકિત થયા પછી જીવના તીવ્રતમ અથવા તીવ્રતર સંસારના ભાવ હોઈ શકે ?

સમકિતની પ્રાપ્તિ થાય ત્યારે સમકિત પહેલા જેવા ભાવો જીવના હોય એવા જ પ્રાપ્તિ પછી હોય, હોય ને હોય જ. એટલે ધારોકે તમને અત્યારે સમકિત થઈ ગયું છે તો એક મિનિટ પહેલા જેવા જ તમારા તીવ્ર, તીવ્રતમ કે તીવ્રતર ભાવ છે, છે ને છે. સમકિતની પ્રાપ્તિ થાય ને એક મિનિટની અંદર બધા ભાવ કેન્સલ થાય એ અસંભવ છે. આ જ કારણ છે કે મોટા પુરુષોને સમકિતની પ્રાપ્તિ થયા પછી પણ મોક્ષ સુધી પહોંચતા અસંખ્યાતા વર્ષો લાગે છે.

સમકિતની શરૂઆત થાય એ છે કેવળજ્ઞાનનું બીજ અને સમકિતની પૂર્ણતા કહીએ એ છે બીજનું ફળ એટલે કે કેવળજ્ઞાન અથવા મોક્ષ. બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી ફળની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અસંખ્યાતા વર્ષો નીકળી જાય છે. એટલે એનો અર્થ એ થયો કે સમકિતની પ્રાપ્તિ પછી જીવના પુરુષાર્થ પ્રમાણે બે, પાંચ કે સાત ભવની અંદર કષાયોની મંદતા અને પછી ક્ષય થઈ નિર્વાણનું કારણ થાય એ સમજો. ◆

જૈન ધર્મનો પગથાર

સંકલન : ડૉ. સુચિતા દોશી, મુંબઈ

શાસ્ત્ર જ્ઞાનના મર્મને, રહસ્યને કે તત્વને જાણવા માટે સદ્‌ગુરુનો સત્સંગ કરવો તેજ ઉત્તમ ફળદાયી છે. ત્યારે જ જીવની શ્રદ્ધા ભક્તિ ધીરે ધીરે વધતા જાય છે અને પરિણામે અર્પણતાના ભાવ બળવાન થતાં જાય છે, સમજણ પણ પરિપક્વ થતી જાય છે.

જ્ઞાનીઓ વારંવાર કહે છે કે હે આત્મન્! ''પરથી ખસ અને સ્વમાં વસ!'' આ સહેલું લાગે છે, વાક્ય સમજાય છે પણ કરી શકાય છે? ના. અનાદિકાળની સમજણ અને કર્મનો ધક્કો ત્યાં પહોંચવા જ નથી દેતો.

આપણો આત્મા એકલો છે તો આ બધી સંસારની વળગણા ક્યાંથી લાગી? શાસ્ત્રકારો કહે છે,

''एगो मे सासओ अजा, नाणदंसणसंजुओ।
सेसा मे बाहिरा भावा, सव्व संजोग लकखणा।।''

મારો આત્મા શાશ્વત છે, જ્ઞાનદર્શન યુક્ત છે. બાકીના સર્વ તો બાહ્યભાવો છે અને એ સર્વ તો સંયોગજન્ય છે. આવા સંયોગજન્ય સંબંધોને વિયોગમાં પલટાતા શું વાર લાગે?

અદ્વૈતવાદીઓ પણ કહે છે ''एगो ब्रह्म, जगन्मिथ्या'' બ્રહ્મ (આત્મા) એકજ છે એ સિવાયનું આખું જગત મિથ્યા છે.

વર્તમાનમાં ચારે પુરુષાર્થને (ધર્મ પુરુષાર્થ, અર્થ પુરુષાર્થ, કામ પુરુષાર્થ અને મોક્ષ પુરુષાર્થ) અનુલક્ષીને અનેકાનેક સાહિત્યની રચના થઈ રહી છે. તેમાંથી અમુક ગ્રંથ જન-મનને આકર્ષિત કરનાર હોય છે અને વિશેષતઃ તેજ ઉપલબ્ધ છે. પણ મોક્ષ પુરુષાર્થ વિષયક શ્રુત જ પ્રધાનશ્રુત બને છે. મોક્ષ પુરુષાર્થ સંબંધી શ્રુત પણ ઘણાં છે, તેમાં જિનાગમ જ પ્રધાન છે.

અરિહંતો મોક્ષમાર્ગના ઉપદેશરૂપે જે બોલ્યા તે જ શાસ્ત્રો, તે જ જિનાગમ, તે જ સૂત્રજ્ઞાના. અરિહંત કથિત શાસ્ત્રોમાં ન હોય એવું જગતમાં કોઈ જ્ઞાન નથી, અર્થાત્ શાસ્ત્રો સંપૂર્ણપણે જ્ઞાનથી ભરપૂર છે. જગતમાં ભટકતા જીવોને તરવા માટે આ શાસ્ત્રો જેવું આલંબન બીજું એક પણ નથી. પણ આ શાસ્ત્રો - આગમોમાં એક એક શબ્દના અનંત અર્થ, પરમાર્થ, ભાવાર્થ થાય છે. કઈ વાત, કઈ અપેક્ષાથી, કયા નયથી, કયા નિક્ષેપથી, કયા પ્રમાણથી કહી છે એ યોગ્ય રીતે સમજાય તો જ મોક્ષમાર્ગે આગળ વધવામાં

તે આગમ સહાયભૂત થાય છે, અન્યથા નહીં. નંદીસૂત્રમાં પણ કહ્યું છે, ''વીતરાગના વચનથી જે આત્માએ ભૂતકાળમાં આરાધના કરી છે, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે, તે વ્યક્તિ આ સંસારને તરી ગયા, તે તરે છે અને તરશે.'' તરી ગયેલ વ્યક્તિ જ બીજાને તારવામાં સહાયભૂત થાય છે.

એક નવયુવક અનાથ છે. ગરીબ અવસ્થામાં ઉછરેલ છે. દુનિયાની અંદર દર-દરની ઠોકરો ખાતાં ખાતાં, દુ:ખને સહન કરતાં સંસારથી વિરક્ત બન્યો છે અને સદ્‌ગુરુની શોધમાં નીકળ્યો છે.

એક ગુરુ અને શિષ્ય, પોત-પોતાની સાધનામાં મસ્ત, નિસંગ, નિર્લેપ. તેઓ પરસ્પર સાધનામાં સહયોગી હતા. તે નવયુવક તેમના પરિચયમાં આવ્યો અને તેનું મન તેમના ચરણોમાં રમી ગયું.

એક દિવસ શિષ્ય કેટલીક ગાથાઓને લખી રહ્યા છે. વિરક્ત નવયુવક પણ એમની પાસે બેઠો હતો શિષ્યમુનિ ગાથાઓના અર્થને પણ લખે છે. તે ''દશવૈકાલિક સૂત્ર'' ના બીજા અધ્યાયની ત્રીજી ગાથા,

જેય કંતે પિએ ભએ, લદ્ધે વિપિ ટ્ઠિ કુવ્વઈ।
સાહીણે ચયઈ ભોત, સે હુ ચાઈતિ વુચ્ચઈ।।

અર્થાત્ - જે વ્યક્તિ સુંદર પ્રિય મનગમતા ભોગો મળ્યાં છતાં મુખ ફેરવી દે છે, સ્વાધીન ભોગોને છોડે છે તે વ્યક્તિ જ ત્યાગી કહેવાય છે.

લખતા લખતાં કંઈ કામ હોવાથી શિષ્ય મુનિ ત્યાંથી ઉઠી જાય છે. પેલા વિરક્ત નવયુવકની નજર શિષ્ય મુનિના લખાણ પર પડે છે. તેણે આટલું વાક્ય વાંચ્યું, ''જે પોતાના સ્વાધીન ભોગોને ત્યાગ કરે છે તે ત્યાગી કહેવાય.'' આ વાક્ય તેના હૃદયમાં અંકિત થઈ જાય છે અને ઉંડા ચિંતનમાં ડૂબી જાય છે.

તે વિચાર દ્વંદ્વમાં ફસાઈ જાય છે અને વિચારે છે, 'આગમની વાત સાચી, જેની પાસે કાંઈક છે, તે ત્યાગે છે, તો તે ત્યાગી કહેવાય, પરંતુ જેની પાસે કશું જ નથી, તે ત્યાગે શું ? તે ત્યાગી કેવી રીતે કહેવાય ? અભાવને ત્યાગનું નામ કેવી રીતે અપાય ?' આમ વિચારતાં તે પોતાના વૈરાગ્યથી વૈરાગ્ય પામી ગયો. તેને તીવ્ર ઈચ્છા



થઈ હું પહેલાં ભોગ - પદાર્થોને એકઠા કરું અને પછી તેનો ત્યાગ કરું. આ પરમ પુરુષાર્થ કરવા તે મુનિઓને કહ્યા વગર નીકળી ગયો.

મુનિઓ તેની થોડી રાહ જોઈ ચાલી નીકળ્યા. થોડા વર્ષો પછી તે મુનિઓ નવયુવકના ગામે પહોંચ્યા. તેઓએ ત્યાં પુછપરછ કરી તો ખબર પડી તે ધન કમાવવા કઠોર પરિશ્રમ કરી રહ્યો છે, પણ તેને સફળતા મળતી નથી. મુનિ ગોચરી માટે જઈ રહ્યા છે. તેની નાની એવી દુકાન પાસેથી પસાર થાય છે. તે યુવાન દુકાનમાંથી ઉતરી સંતનો ચરણ સ્પર્શ કરે છે.

ગુરુ તેને પુછે છે, ''કેમ ભાઈ, તારા વૈરાગ્યનું શું થયું?'' યુવક કહે છે, ''વૈરાગ્ય તો અંતરમાં છે જ.'' ''તો પછી દુકાન વગેરે પથારો શા માટે કર્યો?'' ગુરુએ પૂછ્યું. તે કહે, ''ત્યાગની યોગ્યતા પેદા કરવા માટે.'' ગુરુએ આશ્ચર્યથી પૂછ્યું, ''દુકાનથી ત્યાગની યોગ્યતા કેવી રીતે જન્મે?'' તે કહે, ''હું દુકાન પર બેસીશ, તો ધન મેળવીશ, પછી તેનો ત્યાગ કરીશ.'' મુનિ ધીમું હસતા કહે, ''તો પછી ત્યાગની યોગ્યતા ઉત્પન્ન કરવા માટે સ્ત્રી, પુત્ર, પૌત્રની પણ આવશ્યકતા રહેશે, નહીં?'' તો યુવક કહે, ''હા, સાચા ત્યાગી બનવું હોય તો જોઈએ જ.'' મુનિ કહે, ''આ ભવમાં ન મેળવી શક્યો તો?'' યુવક કહે, ''આવતા ભવ સુધી રાહ જોઈશ, મારે તો સાચા ત્યાગી બનવું છે.'' મુનિએ પૂછ્યું, ''આવી અવળી મતિ ક્યાંથી આવી?'' યુવક તીખાશથી કહે છે, ''મહારાજ સાહેબ, હું શાસ્ત્ર વિરુદ્ધ ન જઈ શકું, આપને પણ નમ્ર પ્રાર્થના છે, આપ શિષ્યનો લોભ ન રાખો.'' મુનિજી તેના રહસ્યને મેળવે છે, ત્યારે કહે છે, ''તને સમજાવવો મુશ્કેલ છે. સ્વચ્છંદતાથી શાસ્ત્ર ભણી લેવાનું આ ભયંકર દુષ્ફળ છે.''

આ છે સ્વચ્છંદમતિનું પરિણામ. વાહન ચલાવતા ન આવડે અને ચલાવે તો અકસ્માત કરી બેસે. તે રીતે શાસ્ત્રના ઉંડાણને પામતાં ન આવડે તો ભ્રાન્તિ પેદા કરાવે છે, અજ્ઞાન અંધકારમાં રખડાવે છે. એકાંત વાત પકડાઈ જાય તો અર્થનો અનર્થ જીવ કરી બેસે છે. આ રીતે શાસ્ત્રમાં રહેલ વીતરાગ વચનને પોતાની મતિથી અવળી રીતે સમજનાર મોક્ષ માર્ગથી પતિત થાય છે. જ્યારે સદ્‌ગુરુ પાસેથી જે સમજે, તેને તે જ્ઞાન પરિણિત થાય છે અને મોક્ષમાર્ગમાં આગળ વધવામાં સહાયભૂત થાય છે.

શિષ્યના જીવનમાં સદ્‌ગુરુ માળીનું કામ કરે છે. જ્યાં ત્યાં આડું અવળું ઘાસ ઉગી ગયું હોય તેનું નિંદામણ માળી કરે છે. તેમ શિષ્યના જીવનમાં દોષરૂપી ઘાસને દૂર કરનાર ગુરુ છે. તે શિષ્યના જીવનનું સિંચન કરે છે. જ્ઞાનના વારિ (જળ) પીવડાવે છે. આશ્રવને રોકવારૂપ સંવરની ક્યારી બનાવે છે. જીવનને ગુણોથી ભરી દે છે, જેમાંથી સદાય સુવાસ પ્રસરતી રહે છે અને જીવ મોક્ષમાર્ગે આગળ વધતો રહે છે. ◆

श्री मृगापुत्र (लोढिया)

श्री वीरप्रभु पृथ्वी को पवित्र करते करते मृग नाम गाँव के उद्यान में पधारे। प्रथम गणधर श्री इन्द्रभूति प्रभु की आज्ञा लेकर मृग गाँव में गोचरी के लिये गये। वहाँ से एषणीय अन्नादि लेकर लौटते हुए गाँव में एक अंध और एक वृद्ध कोढी को देखा। उसके मुख पर मक्खियाँ भिनभिना रही थी और वह कदम कदम पर स्खलित होता था। ऐसे दु:ख के घर रूप उसको देखकर गौतम स्वामीने (श्री इन्द्रभूति) प्रभु के पास आकर पूछा, "हे भगवान! आज मैंने एक ऐसे महा दु:खी पुरुष को देखा है कि उसके जैसा विश्व में कोई दु:खी नहीं होगा!"

प्रभु बोले, "हे गौतम! उसे कोई बड़ा दु:ख नहीं है। इसी गाँव में विजय राजा की पत्नी मृगावती नामक रानी है। उसका प्रथम पुत्र लोढिया जैसी आकृतिवाला है, उसके दु:ख के आगे इसका दु:ख कुछ भी नहीं है। वह मृगापुत्र मुख, नेत्र और नासिकादिक रहित है। उसके देह में से दुर्गंधी रुधिर और भवाद बहता रहता है। वह जन्म लेने के बाद भूमिगृह में ही रहता है।" इस प्रकार सूनकर गौतम स्वामी चकित हुए और प्रभु से आज्ञा लेकर कर्म के विपाक की भयंकरता को देखने की इच्छा से राजा के घर गये। रानी मृगावती गणधर महाराज को अचानक आये हुए देखकर बोली, "हे भगवान! आपका दुर्लभ आगमन आकस्मिक क्यों हुआ है?" गणधर भगवंत बोले, "मृगावती! प्रभु के वचन से तेरे पुत्र को देखने आया हूँ।" रानी ने तुरंत अपने सुंदर आकृतिवाले पुत्र बताये, तो गणधर बोले, "हे राजपत्नी! इनके सिवा तेरे जिस पुत्र को भूमिगृह में रखा है उसे बता।" मृगावती बोली, "भगवान! मुख पर वस्त्र बांधे और पलभर राह देखो। जिससे मैं भूमिगृह खुलवाऊं और कुछ दुर्गंध निकल जावे ऐसा करूं।" पश्चात् क्षण भर बाद मृगावती गौतम स्वामी को भूमिगृह मे ले गयी। गौतम स्वामीने नजदीक जाकर मृगावती के पुत्र को देखा। वह पैर के अंगूठे, होठ, नासिका, नेत्र, कान और हाथ बगैर का था; जन्म से नपुंसक, बधिर और गूंगा था। दुस्सह वेदना भोगता था। जन्म से लेकर शरीर के अंदर की आठ नाडी में से और बाहर की आठ नाड़ी में से रुधिर तथा मवाद बह रहा था। मानो मूर्तिमान पाप समान लोढका कृति पुत्र को देखकर गणधर बाहर निकले और प्रभु के पास आकर पूछा: "हे स्वामी! यह जीव कौन से कर्म की नारकी जैसा दु:ख भोगता हैं?"

प्रभु बोले "शतद्वारा नामक नगर में धनपति नामक राजा को अक्खाई राठौर (राष्ट्रकूट) नामक एक सेवक था। वह पाँचसों गाँव का अधिपति था। उसको सातों व्यसन सेवन में बड़ी आसक्ति थी। वे भारी करों द्वारा लोगों को पीड़ा देता था। और कान, नेत्र वगैरह छेदकर लोगों को परेशान करता था। एक बार उसके शरीर में सोलह रोग उत्पन्न हुए। वह इस प्रकार थे: श्वास, खाँसी, ज्वर, दाह, पेट में शूल, भगंदर, हरस, अजीर्ण, नेत्रभ्रम, मुँह पर सूजन, अन्न पर द्वेष, नेत्र पीड़ा खुजली, कर्म व्याधि, जलोदर एवं कोढ। कहा गया है कि: दुष्ट, दुर्जन, पापी, क्रूर कर्म करनेवाले और अनाचार में प्रवर्तक को उसी भव में पाप फलते हैं। उस राठौर ने क्रोध व लोभ वश अनेक पाप किये। उसने अपना सब काल पाप करने में ही गँवाया। इस प्रकार २५० वर्ष का आयुष्य भोगकर, मरण पाकर प्रथम नरक में गया। वहाँ से निकलकर यहाँ मृगावती के पुत्र के रूप में उत्पन्न हुआ है। उसको मुख न होने से उसकी माता, राब बनाकर उसके शरीर पर डालती हैं। वह आहार रोग के छिद्रों द्वारा अंदर घुसकर मवाद व रुधिरपना पाकर बाहर निकलते है। ऐसे महा दु:ख द्वारा बत्तीस वर्ष का आयुष्य पूर्ण करके मृत्यु पाकर इसी भरतक्षेत्र में वैताढ्य समीप में सिंह बनेगा। वहाँ से मृत्यु पाकर दुबारा प्रथम नरक में जायेगा। वहाँ से सर्पलिया (नेवला) पन पाकर दूसरे नर्क में जायेगा। इस प्रकार एक भव के आंतरे पर सातवे नर्क तक जायेगा। फिर मच्छपना पायेगा। इसके बाद स्थलचर जीवों में आयेगा। तत्पश्चात् खेचतपक्षी की जाति में उत्पन्न होगा। तत्पश्चात् चतुरिंद्रिय, त्रिइन्द्रिय और द्विइन्द्रिय में आयेगा। इसके बाद पृथ्वी वगैरह पाँच पावर में भटकेगा। इस प्रकार चौरासी लाख योनि में बार बार भटक कर अकाम निर्जरा से लघुकर्मी होने से प्रतिष्ठानपुर के एक श्रेष्ठि के घर पुत्र के रुप में जन्म लेगा। वहाँ साधू के संग से धर्म पालकर मृत्यु पायेगा और देवता बनेगा। वहा से च्यव कर कालानुसार सिद्धिपद पायेगा।"

इस प्रकार श्री वीर प्रभुने गौतम स्वामी को लोढक का सम्बन्ध कहा। यह कथा पढ़कर सब महानुभाव चराचर जीवों की हिंसा करने से दूर रहे और निरंतर जीवदया - अहिंसा धर्म के आचरण में रत बने। ◆

सौजन्य: जिन शासन के चमकते हीरे

NEW SCHOOL FOUNDATION DAY

Dr. J K Joshi

The Foundation of the New School Building of the Shree Raj Educational Centre's Kakubhai Jamnadas Tanna Balwadi English Medium Pre Primary and Primary School was laid on Sunday, 5th October, 2014 at Rajnagar, Parli in the Divine Presence of Param Pujya Shree Prem Acharayaji. The Ceremony was attended by the excited students, parents, well wishers and among them Shri and Smt. Monjibhai Shah, Trustees of the Tatva Centre, members of the Construction Committee, staff members and many mumukshus.

The New School will be up to XII Standard and the Building Complex will be built over an area of 3.5 acres. It will have class rooms, laboratories, library, activity rooms, open spaces for games, Staff rooms and such other facilities.

The Pujan Vidhi started early with Shri Kulkarniji rendering sacred mantras. The Puja was performed by Dr. J K Joshi, the Principal of the School and Mrs. Sheelaben Joshi. By about 9.30 a.m, the Mandap was fully occupied and everyone awaited the arrival of Pujyashri. As soon as His car appeared on the kaccha approach road, the atmosphere was filled with joy. He was welcomed by Smt. Maltiben Shah, Shri Prashantbhai Badheka and Smt. Vaishali Karande, the coordinator of the School and was all smiles when the white Gandhi cap was put on his head.

Meghnaben Joshi then asked everyone present to join her in a beautiful, soulful dhun of Shrimad Rajchandra's most famous mantras – "Sahajatma Swaroop Param Guru, Param Guru Nirgranth Sarvagnadev and Aatam Bhavana Bhaavata Jiv

Lahe Kevalgyan Re". The vibrations of the atmosphere became divine and sacred. Meanwhile, Smt. Bhavnaben Nilesh Mehta and her 2 sons, Harsh and Jainil offered prayers at the Foundation site.

Pujyashri while speaking at the Occasion exhorted the Villagers to join in the efforts of the Research Centre in improving their living standards. Some of the Parents present were all praise for such efforts and promised to co-operate. Young students then shared their joy and happiness of being in the School. Shri Niranjanbhai Lapashiya then gave an overview of the New School Building and Shri. Kulkarniji dwelt on bilateral relations of parents and school management.

Shri J. K. Joshi, the Principal while giving the vote of Thanks was appreciative of the Event Management Team and the Construction Committee of the Research Centre. Thereafter, everyone went to the foundation site and as per tradition put coins and partook the Prasad feeling happy that in the years to come, the New School will become a landmark Institution of the area. ◆



જડ અને ચેતન

ચેતન	જડ
■ જાણવાવાળો પદાર્થ	■ ન જાણવાવાળો પદાર્થ
■ આત્મા, જ્ઞાની, જ્ઞાતા, દ્રષ્ટા, જીવ, દેહી, પ્રાણી વિગેરે નામોથી સંબોધિત	■ અજીવ, જડ, પુદ્‌ગલ, ભૌતિક વિગેરે નામોથી સંબોધિત (જૈન - પુદ્‌ગલ, વેદાંત - મહાભૂત)
■ શરીર રહિત ચેતન એટલે આત્મા, જ્ઞાની, જ્ઞાતા, દ્રષ્ટા, રૂહ, સોલ	
■ શરીર સહિત ચેતન એટલે જીવ, દેહી, પ્રાણી, કાયનાત, લીવીંગ બીઈંગ	
■ અધ્યાત્મ વિજ્ઞાન - સ્પીરીચ્યુઅલ સાયન્સ	■ ભૌતિક વિજ્ઞાન - મટીરીયલ સાયન્સ
■ સત્ (નિત્ય)	■ અસત્ (અનિત્ય, પરિવર્તનશીલ)
■ અમૂર્તિક, અરૂપી પદાર્થ (ઈન્દ્રિયોથી ન જણાય)	■ મૂર્તિક પદાર્થ + અમૂર્તિક અરૂપી પદાર્થ (ઈન્દ્રિયોથી જોઈ, સુંઘી વિ. શકાય) અમૂર્તિક - ૪ - ધર્મ, અધર્મ, કાળ, આકાશ
■ જાણી શકે, ફીલ કરી શકે	■ જાણી ન શકે, ફીલ ન કરી શકે
■ ઈન્દ્રિયોની અપેક્ષાએ	■ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (શબ્દ)
◆ એકેન્દ્રિય (સ્પર્શેન્દ્રિય) - વૃક્ષ	■ **સ્પર્શ** - ઠંડુ, ગરમ, રુક્ષ, સ્નિગ્ધ
◆ બેઈન્દ્રિય (૧+ જીભ) - લટ	■ **રસ** - ખાટો, મીઠો, તીખો, કડવો, તુરો
◆ ત્રેઈન્દ્રિય (૨ + કાન) - વિંછી	■ **ગંધ** - સુગંધ, દુર્ગંધ
◆ ચૌરેન્દ્રિય (૩ + આંખ) - માખી	■ મળવું, ગળવું, વિખરવું
◆ પંચેન્દ્રિય (૪ + નાક) અસંજ્ઞી (મન રહિત) - માછલી સંજ્ઞી (મન સહિત) - મનુષ્ય	
◆ ૨-૪ ઈન્દ્રિયો - વિકલેન્દ્રિય પંચેન્દ્રિય - સકલેન્દ્રિય	
◆ ૧ ઈન્દ્રિય - સ્થાવર (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ)	

- સ્થલચર, જલચર, નભચર
- ગર્ભજ (ગર્ભથી પેદા થાય)
  સમ્મૂર્છિમ (નારકી, દેવ-ઉપપાદજ)
- ૮૪ લાખ યોનિ

- ચાર ગતિ - દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક
- ચેતનથી અંતઃકરણનું નિર્માણ થાય
- જડથી શરીરનું નિમાર્ણ થાય.

- **જીવના અનંતા ગુણો છે**
  ૪ પ્રમુખ ગુણ - જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય
  (અનંત ચતુષ્ટય)
  અન્ય : અનુભવ, રૂચિ, શ્રદ્ધા, સંકોચ - વિસ્તાર
  જ્ઞાન - જાણવું
  દર્શન - ભીતરી ચક્ષુ દ્વારા ભીતર જોવું (સૂક્ષ્મ)
  સુખ - બાહ્ય - શરીર સંબંધિત
  અંતર - ચિંતા, વ્યાકુળતા વિ.
  વીર્ય - શક્તિ
  અનુભવ - મહેસુસ કરવું
  શ્રદ્ધા - આંતરિક પ્રેરણા - કોઈપણ વિષય
  તરફ સન્મુખ / વિમુખ કરે
  જ્ઞાન - મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ, કેવળ
  કષાય - મલિન ભાવ - ક્રોધ, માન, માયા,
  લોભ
  નોકષાય - રતિ, અરતિ, હાસ્ય
  શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ,
  નપુસંકવેદ

જડ ચેતનનો સંયોગ વિશ્વની સમસ્ત વ્યવસ્થા કરે છે. આ બન્ને મળીને એક પણ થાય અને છૂટા પણ પડે. આ બધું જ મિથ્યા છે, પ્રપંચ છે, માયા છે, અવિદ્યા છે. જગતની માયામાં ન પડવું એ જ જીવની સ્વતંત્રતા (અકર્તાપણું) છે. તેમાં જ આનંદ છે.

સત્ અને અસત્નો નિર્ણય કરી જગતમાં કમળની માફક ભિન્ન રહી શકાય છે, કર્તવ્ય / અકર્તવ્યનું ભાન રહે છે.

દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે, દેહ નથી. (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૪૨૫) ◆

સદ્‌ગુરુની અસીમ કરૂણા

અલ્કા શીયાડ, મુંબઈ

'હે કરૂણાના કરનારા... તારી કરૂણાનો કોઈ પાર નથી.' આ સ્તવન અત્યાર સુધી ઘણીવાર ગાયું છે, પણ ફક્ત શબ્દથી જ બોલાતું હતું, કરૂણા શબ્દનો ભાવ ફીલ નહોતો થતો. આ માર્ગમાં આવવાની શરૂઆત થઈ અને પરમ પૂજ્ય પપ્પાજીને સાંભળતાં, પરમકૃપાળુ દેવના વચનો થોડા થોડા સમજાતાં, મોક્ષમાળા વાંચતા મનુષ્યજીવનનું દુર્લભપણું થોડું સમજમાં આવ્યું અને સત્‌ધર્મ, સત્‌ગુરુના મહાત્મ્યની ખબર પડી. આ જીવ નિગોદમાંથી નીકળી શક્યો અને અનાદિકાળના પરિભ્રમણમાં દરેક સેકન્ડે સેકન્ડે વિકાસ કરીને આજે અહીંયા સુધી પહોંચી શકવાનું ફક્ત એક જ કારણ છે અને તે છે સત્પુરુષોની અસીમ કરૂણા. 'હું આત્મા છું' એ ખબર પડી છે અને મારે પરમાત્મા થવું છે અને જરૂરથી થઈ જ શકીશ એવો વિશ્વાસ પ્રત્યક્ષ સદ્‌ગુરુની કૃપાથી થયો છે.

આ માર્ગ મળ્યો એ પહેલાં તો લક્ષ જ નહોતો કે મનુષ્ય જીવનનું શું ધ્યેય છે ? પણ મનમાં મુંઝવણ અને ભય રહેતો કે મનુષ્ય જીવન વેડફાઈ રહ્યું છે. પૂજ્યશ્રીને પહેલીવાર સાંભળ્યા ત્યારે જ અંદરથી અવાજ ઉઠ્યો કે આજ કરવા જેવું છે, અહીંયા જ મને સાચું માર્ગદર્શન મળશે અને પ્રભુકૃપાથી હું સત્સંગમાં જોડાઈ ગઈ. આજે અત્યારે ભલે હું અશુદ્ધ આત્મા છું, કર્મોથી ઘેરાયેલો છું, મારી પોતાની મેળે કંઈપણ કરવા અસમર્થ છું, પણ સાચા સદ્‌ગુરુનું શરણું લીધું છે તો એ જરૂરથી સંસાર પાર ઉતરાવશે જ. સાચી સમજણ મળવાથી એકજાતની નિર્ભયતા અને કોન્ફીડન્સ જરૂર આવી ગયો છે હું સર્વકર્મથી રહિત થઈ શકીશ, મુક્ત થઈ શકીશ અને મોક્ષે જઈ શકીશ એવો અપૂર્વ વિશ્વાસ પ્રત્યક્ષ સદ્‌ગુરુએ કરાવ્યો છે. અંદરથી ખાતરી થઈ ગઈ છે કે આ જ મારા મુક્તિના દાતાર છે.

પરમ કૃપાળુ દેવ વચનામૃતમાં પાને પાને પોકારી ને કહે છે કે જો સદ્‌ગુરુને શરણે રહેશો તો આ મોક્ષમાર્ગ સરળ, સુગમ અને સહેલો છે. 'હું કરું - હું કરું' એ અજ્ઞાનતા મૂકીને આપણે ફક્ત આપણો હાથ એમને સોંપવાનો છે. એ તો આપણને ઝીલવા તત્પર જ બેઠા છે. એકવાર આપણી જીવન નૌકાનું સુકાન એમને સોંપી દઈશું તો એ ભવપાર ઉતરાવશે જ. આપણો ભાર આપણે એમને સોંપતા જ નથી, ગાડાની નીચે ચાલતા કુતરાની જેમ સંસારનો ભાર વેંઢાર્યા જ કરીએ છીએ. એકવાર એમને અર્પણ

કરી દેશું તો પછી જીવન જીવવાનો આનંદ કંઈક અનેરો જ છે.

વચનામૃતમાં પાને પાને પરમકૃપાળુદેવની કરૂણાના દર્શન થાય છે. કેટલી સરળતાથી અલગ અલગ નયથી આપણને સમજાવે છે અને દૃઢતાથી કહે છે. ''મુનિ અમારી આજ્ઞા ઉઠાવતા દેહ છૂટી જશે તો, ગમે તે ગતિમાંથી તમને તાણી લાવીશું. અમે તમારા દેહના સ્વામી નથી, આત્માના છીએ.'' પછી એક જગ્યાએ લખે છે ''વિચાર કરીને સમકિત લેજે, પછી ઈચ્છા નહીં હોય તો ય ઘસડી ને મોક્ષે લઈ જઈશું.'' પત્રાંક ૧૦૮માં લખે છે કે ''હે જીવ! ભૂલ મા, તને સત્ય કહું છું. સુખ અંતરમાં છે બહાર શોધવાથી નહીં મળે.''

શાસ્ત્રમાં અસીમ કરૂણાનો અર્થ 'સંસાર તાપથી દુ:ખી આત્મા પર પાર વગરની અનુકંપા થવી.' એમ બતાવ્યું છે. અહીંયા આપણને સત્પુરુષની અસીમ કરૂણાના દર્શન થાય છે.

આપણા પૂજ્યશ્રી પણ આપણને નાની નાની ટીપ્સ આપીને આત્માનું માહાત્મ્ય કરાવે છે. જેમ કે 'ભવોભવથી જેને મારીએ છીએ તે મરતો નથી જેને સાચવીએ છીએ તે બચતો નથી.' 'મોહથી મુંઝાય એનું નામ મુમુક્ષુ', 'મારું હોય તે જાય નહીં ને જાય એ મારું નહીં.' કૃપાળુદેવે ગુજરાતી ભાષામાં બધા શાસ્ત્રોનો સાર કહ્યો અને એનાથી પણ વધારે સરળ ભાષામાં મા જેમ બાળકને વહાલથી કોળિયો ભરાવે એવી રીતે પૂજ્યશ્રી આપણને અલગ અલગ રીતે પ્રેક્ટીકલ ભાષામાં સમજાવે છે, જાણે શીરાનો કોળિયો મોઢામાં મુકતા તરત અંદર ઉતરી જાય. એવી અસીમ કરૂણા છે એમના હૃદયમાં ને અપૂર્વ પ્રેમ છે એમની વાણીમાં.

પ્રભુની અસીમ કરૂણા કોને કહેવાય એ તો ત્યારે જ ખબર પડે જ્યારે આપણા અશુભ કર્મોનો ઉદય આવે ત્યારે એમાં જે સહજતાથી આપણી પાસે પરમાર્થ કરાવી લ્યે છે. એનું જ્યારે પરિણામ આવે ત્યારે હૃદયથી 'અહો! અહો! શ્રી સદ્‌ગુરુ કરૂણાસિંધુ અપાર! થાય.' ગયા વર્ષે મારા નીકટના સ્નેહીજનને એક અસાધ્ય રોગ થયાની જાણ થઈ અને મારી ઉપર જાણે આભ તૂટી પડ્યું. આવા તીવ્ર અશુભકર્મના ઉદયકાળ દરમિયાન મારા પ્રભુએ જે કૃપા વરસાવી છે, તેનું તો કોઈ શબ્દોમાં વર્ણન જ થઈ શકે એમ નથી. મારી અજ્ઞાનદશામાં જો આ અશુભકર્મ આવ્યું હોત તો અત્યંત આર્તધ્યાન કરીને અનંત પરિભ્રમણનું કારણ થાત. પણ મારા પ્રભુની કૃપાથી સમતાથી આ કર્મમાંથી પસાર થઈ શક્યા.

જ્યારે વસ્તુસ્થિતિની ખબર પડી ત્યારે એક જ વિચાર આવ્યો કે આવો સાચો માર્ગ મળ્યો છે તો આ મનુષ્યભવ સાર્થક થાય તેના માટે આ મનુષ્યદેહ જરૂરી છે, માટે પ્રભુ બચાવો. શરૂઆતમાં ક્યારેક ક્યારેક ભૂલી જઈ મારાથી હાયવોય, ચિંતા, સંકલ્પ, વિકલ્પ થઈ જતાં હતા. પણ બન્ને બાળકો પણ માર્ગમાં હોવાથી એમના સમજાવવાથી મન થોડું શાંત થઈ જાતું, પણ અવારનવાર પાછું ડગમગી જવાતું ત્યારે બન્ને બાળકોની માર્ગ માટેની શ્રદ્ધા અને જ્ઞાની પ્રત્યેની ભક્તિ જોઈને હિંમત આવી જતી અને ટકી રહેવાતું. ત્યારે જ્ઞાની પ્રત્યે હૃદયથી અહોભાવ જાગ્રત થયો કે કેટલા ઓછા સમયમાં અને આટલી નાની ઉંમરમાં આત્માનું બળવાનપણું કરાવી લીધું. પછી તો ડગલે ને પગલે પ્રભુ અમારી સાથે જ છે એની અનુભૂતિ

થતી. અસંભવ લાગતું દરેક કાર્ય આપણે કરી શકીએ છીએ, અલબત્ત ખૂબ જ ધીરજ રાખવી પડે છે. ક્યારેક ક્યારેક ધીરજ ખૂટી પણ જાય, પણ પછી ધ્યાનમાં આવે કે મારામાં જ ક્યાંક ખોટ હતી, પ્રભુ તો મારી સાથે જ હતા. ડગલે ને પગલે પ્રતીતિ મળ્યા કરે કે પ્રભુની સહાય આપણાથી પહેલા પહોંચી જાય છે. ગમે તેવા વિકટ સંજોગોને અનુકૂળતામાં ગોઠવી દે છે. બધું જ સરળતાથી ગોઠવાઈ જાય છે. દરેક વ્યક્તિ આપણને મદદરૂપ થાય છે ત્યારે ખ્યાલમાં આવે છે કે દરેક આત્મામાં મારા પ્રભુ બિરાજમાન છે. પ્રભુ અલગ અલગ રૂપ લઈને મદદ કરે છે.

આજે વિચારતા જણાય છે કે પ્રભુની કેવી અસીમ કરૂણા હોય છે કે અશુભ ઉદય આવતાં પહેલાં આપણને તૈયાર કરી લે છે, આપણને ખબર નથી પડતી એ અલગ વસ્તુ છે. પણ એમની કરૂણા સતત વહેતી જ હોય છે. એ અશુભ ઉદય વખતે અમે બધા સ્ટ્રોંગ બની શકયા હતા એમાં પણ જ્ઞાનીની જ કૃપા હતી તે આજે સમજાય છે. આ આખા સમયગાળા દરમિયાન અમારી પ્રત્યક્ષપણે મુલાકાત પણ નહોતી થઈ. વાતચીત પણ નહોતી થઈ છતાં પણ તે દરેક જગ્યાએ અમારી સાથે હાજર જ છે. એવું લાગતું અને અમારા ભાવ પહોંચતા જ હતા. જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં એમની મદદ હાજર જ હતી. અનાદિકાળના સંસ્કારને લીધે ક્યારેક નેગેટીવ વિચાર આવી જતાં તો પણ જાગૃતિપૂર્વક આત્મા હાજર થાય જ અને વિભાવથી બચાવી લે. તરત જ વિચાર આવે કે પ્રભુ આપણી સાથે જ છે. પછી મારે ક્યાં કોઈ ચિંતા કરવાની જરૂર છે ? જે પ્રમાણે થઈ રહ્યું છે તે યોગ્ય જ થશે ને આત્માને માટે કલ્યાણકારી જ હશે. એવો વિશ્વાસ આવે. પછી ખેદ પણ થાય કે પ્રભુ તમને સોંપ્યું છે પછી શા માટે હું કરું, હું કરું એવું થાય છે એમ પોતાની જાત પર ગુસ્સો પણ આવી જાય ને ધિક્કાર થાય કે હજી પુરેપુરી અર્પણતા કેમ થતી નથી.

સદ્‌ગુરુનું શરણ સ્વીકારવાથી એમની આજ્ઞાનું પાલન કરવાની ઈચ્છા માત્રથી મને આટલું મોટું કલ્પવૃક્ષ મળી જશે એવું તો ક્યારેય વિચાર્યું જ નહોતું. બાળપણમાં વાંચેલી પરીકથા જીવનમાં લાઈવ અનુભવાઈ રહી છે. જાણે કે આખા બ્રહ્માંડનો અમૂલ્ય ખજાનો મને મળી ગયો છે જે મને ભવપાર ઉતરાવશે.

અત્યાર સુધી સંસારમાં જે મને મારા ગુણો લાગતા હતા, તે હવે સૌથી મોટા દોષ જણાય છે અને સંસારમાં જે જે માઈનસ પોઈન્ટ દેખાતા હતા તે બધા પરમાર્થે પરમ ઉપકારી લાગે છે, મોટા પ્લસ પોઈન્ટ છે તે હવે બરોબર સમજાય છે.

પ્રભુ ! આપ મને યોગ્ય માર્ગદર્શન કરાવવા બેઠા છો પછી મને કંઈ વિચારવાની જરૂર જ નથી. છતાં અનાદિકાળની ટેવ છૂટતી નથી માટે વિનંતી કરું છું કે 'પ્રભુ ! આમ તો હું તારો અનાડી, અબુધ અને અજ્ઞાની બાળક છું. કંઈ જ નથી આવડતું ભાવ કરતાં કે પ્રાર્થના કરતાં કે માંગતા પણ નથી આવડતું. પણ હૃદયથી એક જ પ્રાર્થના થાય છ`કે પ્રભુ ! તમારી, તમારા પ્રભુ પ્રત્યે જેવી પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને અર્પણતા છે તેવી જ મારામાં પણ ડેવલપ કરાવો જે મોક્ષ પર્યંત ક્ષણે ક્ષણે વર્ધમાન થતી રહે. મને સંસારભાવથી છોડાવો ને ધીરજ પૂર્વક મોક્ષપર્યંત આપનો પરમ શિષ્ય બની ને રહું એજ યાચના છે.◆

ધર્મદિવાકર શ્રી ચોથમલજી મહારાજ

જન્મ અને બાલ્યકાળ: ભારતની પુણ્યભૂમિ અનેક કર્મવીરો, શૂરવીરો, ધર્મવીરોના જન્મથી સદા પવિત્ર રહી છે. તેમાંય માલવભૂમિમાં તો અનેક સંતો તેમજ તપસ્વીઓ ઉપરાંત વિક્રમાદિત્ય જેવા પ્રતાપી, વિદ્યાવ્યાસંગી અને પ્રજાવત્સલ રાજાઓનો જન્મ થયો હતો. આ જ ભૂમિમાં, મધ્યપ્રદેશના 'નીમચ' નગરમાં સંવત ૧૯૩૪ના કારતક સુદ ૧૩ને રવિવારે માતા કેસરબાઈની કુખે એક શિશુનો જન્મ થયો. બ્રાહ્મણો-જ્યોતિષીઓ દ્વારા આ બાળકનું નામ 'ચોથમલ' રાખવામાં આવ્યું. તેના પિતા ગંગારામજી એક આચારનિષ્ઠ અને ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થ હતા. તેમના ઘરે અવારનવાર સાધુ-સાધ્વીઓ આવતાં. તેથી સર્વ કુટુંબીજનોને તેમના દર્શનનો લાભ સહેજે સહેજે મળી રહેતો.

ચોથમલજી સાત વર્ષના થયા ત્યારે પિતાજીએ તેમને વિદ્યા-અધ્યયન માટે સ્કૂલમાં મૂક્યા. બાળકમાં કુશાગ્રબુદ્ધિ હોવાથી અક્ષરજ્ઞાન તેમજ હિન્દી, ઉર્દુ, અંગ્રેજી, ગણિત વગેરે વિષયોનું જ્ઞાન તેમણે શીઘ્રતાથી પ્રાપ્ત કર્યું. તેમને સંગીતનો પણ શોખ હતો. ગંભીરતા અને વિનય જેવા ગુણો તેમનામાં બાલ્યાવસ્થાથી જ હતા.

ચોથમલજીની ઉંમર ૧૬ વર્ષની થઈ ત્યારે તેમના લગ્ન પ્રતાપગઢ (રાજસ્થાન)ના નિવાસી શ્રી પૂનમચંદજીની પુત્રી માનકુંવર સાથે થયાં. તેમનામાં વૈરાગ્યની ભાવના પહેલેથી હોવાથી અર્થોપાર્જન કરતાં ધર્મોપાર્જન કરવાની ઈચ્છા વધારે રહેતી હતી. તે વખતે નીમચનગરમાં અવાર-નવાર સંતોનું આગમન થતું. તેઓ વધારે સમય તેમની પાસે રહી સેવા અને ધર્મશ્રવણ કરતા. માતા કેસરબાઈ પણ સાથે જતાં. એકવાર તેમણે પુત્ર સમક્ષ દીક્ષા લેવાની પોતાની ભાવના પ્રગટ કરતાં કહ્યું કે, 'હું મારા આત્માનું કલ્યાણ કરવા ઈચ્છું છું' આ સાંભળીને ચોથમલજીએ માતાજીને કહ્યું કે 'તમારી ઈચ્છા પ્રશંસનીય છે. હું પણ તમારા માર્ગે ચાલવાની હાર્દિક ઈચ્છા ધરાવું છું, તેથી આપ મને પણ આજ્ઞા આપો.'

પુત્રમાં રહેલા આ વૈરાગ્યભાવને જાણતાં માતાને લાગ્યું કે પુત્ર વૈરાગ્યમાં ટકી શકશે તેથી તેમણે આજ્ઞા આપી. સાથે સાથે પત્ની માનકુંવરની આજ્ઞા પણ માંગવાનું કહ્યું. ચોથમલજીએ વિનમ્રભાવે પત્ની પાસે સંમતિ માંગી પણ તે વિરોધ કરવા લાગી કે, 'હું પણ દીક્ષા ન લઉં અને તમને પણ આજ્ઞા ન આપું.' આ ઉપરાંત તેમના શ્વસુર અને કેટલીક પ્રતિષ્ઠિત

વ્યક્તિઓએ, વૃદ્ધજનોએ અને કુટુંબીજનોએ તેમને રોકવાનો ઘણો પ્રયાસ કર્યો પણ અંતે તે નિરર્થક નીવડ્યો. તે બધાને જવાબ આપતાં ચોથમલજીએ કહ્યું, 'ગૃહસ્થાશ્રમમાં ધર્મ પાળવાની તેટલી સુવિધાઓ નથી જેટલી સાધુજીવનમાં છે. માટે આત્મકલ્યાણ અર્થે સાધુજીવન બહુ જરૂરી છે.' આ સંદર્ભમાં બીજા સંસારીઓ દ્વારા થયેલાં કેટલાક પરીષહ પણ તેમને સહન કરવા પડ્યા; પરંતુ વૈરાગ્યમાંથી તેઓ જરા પણ વિચલિત થયા નહીં, કારણ કે તેમનો વૈરાગ્ય જ્ઞાન ગર્ભિત હતો. વિ.સં. ૧૯૫૨ના ફાગણ સુદ પાંચમ, રવિવારના દિવસે તેઓ પૂ. કવિવર્ય હીરાલાલજી મહારાજના શિષ્ય બની ગયા.

ચોથમલજીની દીક્ષાના બે મહિના પછી માતા કેસરબાઈએ મહાસતી શ્રી ફૂદીજી પાસે દીક્ષા અંગીકાર કરી. બાદમાં તેમના પત્નીએ પણ વૈરાગ્ય ભાવ જાગૃત થતાં દીક્ષા અંગીકાર કરી.

સંપ્રદાયાતીત પ્રભાવશાળી વ્યક્તિત્વ: શ્રી જૈન દિવાકર મહારાજ એક સંપ્રદાયના વિશેષ સંત હોવા છતાં બીજા સંપ્રદાયોની મહાનતાનો આદર કરતા. તેઓ સ્નેહ અને સદ્‌ભાવ દ્વારા પરસ્પર મૈત્રીભાવ સ્થાપવા માંગતા હતા. પોતે કષ્ટ સહીને પણ બીજાને આનંદ આપવા માંગતા હતા. તેમનામાં ધર્મ અને જીવનનો મર્મ સમજવાની અદ્‌ભુત ક્ષમતા હતી. જાતિવાદ, પંથવાદ, પ્રાંતવાદથી ઉપર આવીને તેમણે માનવને મહામાનવ બનવાની પ્રેરણા આપી. તેમનામાં અપાર સાહસ, ચિંતનશીલતા અને બીજાઓ પ્રત્યે સ્વભાવિક સ્નેહભાવ હતો. તેમનો મનોબળ મેરુ પર્વતની જેમ અચળ અને અટળ હતો. તેઓએ વ્યવહારકુશળતાથી બધા લોકોનાં મન જીતી લીધાં હતાં અને સંયમ સાધના દ્વારા અંતરંગને વિકસાવ્યું હતું. જેઓ તેમના સંપર્કમાં આવતા તે તેમના સ્વચ્છ હૃદય અને સરળતાપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત થયા વગર રહેતા નહીં. તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્વ ખરેખર બહુમુખી હતું.

વાણીના જાદુગર: પરમ શ્રદ્ધેય શ્રી દિવાકરજી મહારાજ વાણીના જાદુગર હતા. તેમની વાણી શ્રોતાઓ પર અજબ પ્રભાવ પાડતી. તેમની અનુભવ વાણીથી શ્રોતાઓના મન પર ભારે અસર થતી અને તેમને જીવન સુધારવા માટે તત્પર કરી દેતી. તેમની વાણીથી કેટલાય લોકો હૃદયપરિવર્તન કરી પોતાના પાપોનું પ્રાયશ્ચિત કરતા થયા. તેઓએ પ્રવચનો દ્વારા વારાંગનાઓને સજ્જન નારીઓ બનાવી, શિકારીઓના શસ્ત્રો ફેંકાવી દીધા, દારૂ અને બીડી-સિગરેટના વ્યસનીઓને નિર્વ્યસની બનાવ્યા તથા અધાર્મિકોને ધર્મની શીતળ છાયામાં આવતા કરી દીધા. તેમણે જીવદયા અને અહિંસાનો જે પ્રચાર કર્યો તે એક મહાન ચમત્કાર તે યુગમાં હતો.

સાચા સંત - સારા વક્તા (ઉપદેશ): જૈન દિવાકર શ્રી ચોથમલજી મહારાજ પોતાના પ્રવચનો સાદી સરળ ભાષામાં આપતા. ગંભીર અને દાર્શનિક પ્રશ્નો તેઓ એવી રીતે રજૂ કરતા કે શ્રોતાઓને ભારસ્વરૂપ પ્રતીત ન થાય. તેઓના પ્રવચનો એ કેવળ વાણી-વિલાસ નથી પણ જીવન-નિર્માણની કળા છે. તેમના પ્રવચનોમાં જૈન આગમના રહસ્યો, વૈદિક પરંપરાના ગ્રંથો, સુભાષિતો, પંક્તિઓ, ગાથાઓ અને ઉર્દૂની શાયરીઓ તથા સંગીતનો મધુર સમન્વય થતો

હોવાથી શ્રોતાઓને કલાકો સુધી તે સાંભળતાં કંટાળો આવતો નહીં. પ્રવચનમાં કોઈવાર જૈન લોકકથાઓ અને બૌદ્ધકથાઓ આવતી, ક્યારેક સમાજિક કુરુઢિઓ પર, લોકધારણાઓ પર કટાક્ષ આવતા તો કોઈવાર વીરરસની ગંગા પ્રવાહિત થતી. કોઈવાર હાસ્યરસ તો કોઈક વાર શાન્તરસનો પ્રવાહ વહેતો. તેમના પ્રવચનમાં હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે અઢારેય વરણના લોકો પોતાનો ભેદ-ભાવ ભૂલી ઉપસ્થિત થતાં અને તેમની વાણીનો લાભ લેતા તેથી સમવસરણની રચના જેવું લાગતું હતું. તેમની વાણીમાં અમૃતનો અક્ષય સ્રોત વહેતો હતો.

સમાજ સુધારણા : સમાજ સુધારણા માટે જે કાર્ય ચોથમલજી મહારાજે કર્યું છે તે અનુપમ છે. પરંપરાથી ચાલી આવતી કુરુઢિઓ અને અંધવિશ્વાસો દૂર કરાવી, બાળવિવાહ અને વૃદ્ધવિવાહ જેવી કુપ્રથાઓ સદાને માટે બંધ કરાવી, કન્યા-વિક્રય અને મૃતક-ભોજન બંધ કરાવ્યા. દેવી-દેવતાઓ પર ચઢતા પશુબલિ જેવી ભયંકર કુરુઢિ બંધ કરાવી, અસ્પૃશ્યતાનું કલંક દૂર કરાવ્યું. જેલના કેદીઓને ફરી ભવિષ્યમાં દુષ્કર્મ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી, તેમજ કસાઈ, ચમાર, ચોર વગેરેના હૃદય પરિવર્તન કરાવ્યાં. વેશ્યાવૃત્તિ દૂર કરાવી.

સંગઠન-નિર્માણના પ્રેરક : જૈન દિવાકરજી મહારાજ સંગઠનનું મહત્વ ખૂબ સમજતા હતા. સમાજ-સુધારણા અને મંગળકારી કાર્યો તેમના સંચાલન દ્વારા થતાં. તેઓએ બાલોતરા, વ્યાવર, પીપલોદા, ઉદયપુર વગેરે અનેક સ્થળો પર 'મહાવીર જૈન મહામંડળો' તથા 'જૈન મંડળો'ની સ્થાપના કરી. રતલામમાં 'જૈનોદય પ્રકાશન સમિતિ'ની સ્થાપના કરી. ત્યાંથી સત્સાહિત્યનું પ્રકાશન પણ થતું. રાયપુર, દેલવાડા, સનવાડા, ગોગૂંદા વગેરે સ્થળો પર બાળકોને ધાર્મિક શિક્ષણ આપવા માટે 'જૈન પાઠશાળા'ની સ્થાપના કરી. જોધપુરમાં મહિલાશ્રમ, અહમદનગરમાં 'ઓસવાલ જૈન વૃદ્ધાશ્રમ' વગેરે અનેક સંસ્થાઓ તેમની પ્રેરણાથી સામાજિક કાર્યો કરતી હતી.

સાહિત્યની રચના : મહાન સર્જક: ઉત્તમ માનવજીવનના સર્જકની સાથે સાથે જૈન દિવાકરજી મહારાજ ઉત્કૃષ્ટ સાહિત્યની રચના કરનાર મહાન લેખક પણ હતા. તેમણે ગદ્ય અને પદ્ય બન્નેમાં સાહિત્ય રચ્યું છે. લોકગીત, ભજન, ગઝલ વગેરેની સાથે સાથે જીવનને પ્રેરણા આપનારા સાહિત્યની તથા ધાર્મિક સાહિત્યની પણ રચના કરી. તેમની ૩૦ પદ્યરચનાઓમાં ૧૯ જીવનચરિત્ર અને ૧૧ ભજનસંગ્રહ છે. ભગવાન મહાવીરનું આદર્શ જીવન, જમ્બુકુમાર અને પાર્શ્વનાથ વગેરેના ચરિત્ર તેમણે ગદ્યમાં પણ લખ્યા હતા.

જેવી રીતે શ્રીકૃષ્ણે સમસ્ત વેદાંતશાસ્ત્રોના સારરૂપ ગીતાનો ઉપદેશ આપ્યો છે, તેવી રીતે સમસ્ત જૈન આગમ સાહિત્યનું મંથન કરી 'નિગ્રંથ પ્રવચન' નામથી ભગવાન મહાવીરની વાણીનું તેઓશ્રીએ સંકલન કર્યું. તે યુગો-યુગો સુધી પ્રકાશસ્તંભની જેમ જન-સમાજને પ્રેરણાદાયક બની રહેશે. આ ઉપરાંત તેમણે આપેલા પ્રવચનો સંકલિત કરી 'દિવાકર દિવ્ય જ્યોતિ'ના નામથી ૨૦ ભાગોમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

એકતાના અગ્રદૂત: ચોથમલજી મહારાજ દીક્ષા લીધા પછી પણ ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં

એકતા સ્થાપિત કરવા માટે ભરપૂર પ્રયાસ કરતા હતા. વિ.સં. ૨૦૦૭માં કોટા ચતુર્માસમાં તેમણે એકતા-ભાવના વિકસાવવા માટે દિગમ્બર આચાર્ય સૂર્યસાગરજી મહારાજ, શ્વેતામ્બર મૂર્તિપૂજક આચાર્ય આનંદસાગરજી મહારાજ અને પોતે એક જ મંચ પર એક સાથે પ્રવચન કરવાનો નિર્ણય કર્યો અને તે ફળીભૂત થયો.

તેમના એકતા સંબંધી વિચારો નીચે પ્રમાણે છે.

(૧) બધા સાધુ-સાધ્વીઓ એક સ્થાન પર સમ્મેલન કરે.

(૨) સાધુઓની સમાચારી અને આચાર-વિચારની પ્રણાલી એક જ હોય.

(૩) સ્થાનકવાસી સંઘો તરફથી પ્રમાણભૂત શ્રેષ્ઠ સાહિત્યનું પ્રકાશન થાય.

(૪) કોઈ પરસ્પર એકબીજાની નિંદા-ટીકા, ટિપ્પણી ન કરે.

(૫) પર્વ-તિથિઓનો સર્વસંમત નિર્ણય હોવો જોઈએ.

આ ઉપરાંત, જૈન સમાજની સાંસ્કૃતિક એકતાને સાકાર બનાવવા માટે મહાવીર જયંતિનો ઉત્સવ સામૂહિક રીતે ઉજવવાની તેઓ પ્રેરણા આપતા.

ઉપસંહાર: રતલામ પછી વિ.સં. ૨૦૦૭માં તેમનું ચાતુર્માસ કોટામાં થયું. જૈનસમાજની ભાવાત્મક એકતાના સંદર્ભમાં આ ચાતુર્માસ અદ્વિતીય રહ્યો. તે દરમિયાન તેમને પેટમાં વ્યાધિની પીડા શરૂ થઈ. ૧૪ દિવસ સુધી આ પીડા ચાલુ રહી અને વિ.સં. ૨૦૦૭ના માગશર સુદ ૯ ને રવિવારે તેમનો આત્મા દેહથી અલગ થઈને અમર બની ગયો.

જૈન દિવાકરજી મહારાજની પ્રતિભા બહુમુખી હતી. તેઓ પ્રસિદ્ધ વક્તા, વાગ્મી, મહામનીષી, જગદ્વલ્લભ, કાન્તદર્શી અને યુગપુરુષ સંત હતા. તે દિવાકરની સમાન ચમકતા જ રહેશે. ◆

અખાના છપ્પા

હેતલ દોશી, મુંબઈ

પાછલા અંકમાં ''દેહ અભિમાન હતું પાશેર, વિદ્યા ભણાતા વાધ્યો શેર'' સમજતાં જાણ્યું કે જન્મ્યા ત્યારથી અત્યાર સુધી ''હું'' અને ''મારું'' એ જ ચાલ્યા આવ્યું છે. ''હું'' એટલે આત્મા એ લક્ષ ન હોવાથી ''હું'' એટલે મળેલો દેહ, જેને મધ્યમાં રાખી કરવામાં આવતી દરેક ક્રિયા. કદાચ મોઢેથી ''હું કરું છું'' - ''મેં કર્યું'' ન પણ બોલાતું હોય પણ અંદરમાં એ ભાવ તો હાજર હોય જ.

પહેલાં દેહથી થતાં નાના મોટા કામમાં ''હું કરું છું,'' ''મેં કર્યું'' એવો દેહાધ્યાસ જીવને હતો જે બધેથી ઊઠી ''હું વિદ્યા ભણ્યો છું,'' ''શાસ્ત્રનો જાણકાર છું,'' ''પંડિત છું'' એ એક ભાવ સાથે એટલો બધો માનભાવ જીવનો વધતો જાય છે કે જીવ પોતાની જાતને ભૂલી જાય છે. જરાક તક મળે અથવા કોઈ કંઈ પ્રશ્ન પૂછે તો પોતે જે કંઈ ગોખેલું છે એ કડકડાટ બોલવા મંડશે. જેમ જુનિયર કેજીમાં બાળકને ભણવા મુક્યું હોય અને થોડા દિવસ પછી કોઈ મહેમાન ઘરે આવે તો બાળકના મમ્મી કહે ચાલ બેટા તને શાળામાં જે શિખવાડ્યું છે બારાખડી અને અમૂક કવિતા બોલ તો અને બાળક કડકડાટ બોલી જાય પણ કવિતાના એકકે શબ્દનો અર્થ પૂછો તો એને ન જ આવડતો હોય. વળી ક્યારેક ઘરે આવનાર મહેમાન બાળકને ખુશ થઈ, ચોકલેટ વિગેરે આપે અને બાળક તો મને કેટલું બધું આવડે છે એમ માને અને મા પણ ગર્વ લે, મારું બાળક હોંશિયાર છે.

એમજ આત્માનો લક્ષ ચૂકી જઈને માત્ર વિદ્યા ભણ્યા હોઈએ, શાસ્ત્રોનું વાંચન કર્યું હોય એવા જીવ જ્યારે ૧૪ રાજલોકનું વર્ણન કરતા હોય એમાં નરક અને દેવલોકનું વર્ણન કરતી વખતે આટલામી નરકમાં આયુષ્ય અમૂક વર્ષનું, ત્યાં ગરમી એટલી બધી હોય કે હજારો માઈલ દૂર લોઢાનો ગોળો મૂકવામાં આવે તો પણ એ પીગળી જાય, ત્યાંની ઠંડીનું વર્ણન, ત્યાં કેવી દુર્ગંધ મારતી હોય વિગેરે વિગેરે. તેમ જ દેવલોકની બાહ્ય રચના કેવી હોય, કયા દેવલોકમાં કેટલું આયુષ્ય, ત્યાંના વાતાવરણની વાત વિગેરે વિગેરે વિસ્તારથી બોલે. આ બધુ

વર્ણન એવી સરસ રીતે જીવ કરતો હોય કે જાણે હમણા જ ત્યાં જઈને ન આવ્યો હોય? અને સાંભળનારે કંઈ અભ્યાસ ન કર્યો હોય એટલે આવું વર્ણન સાંભળી વક્તા પર ફીદા થઈ જાય કે, વાહ! તમારું જ્ઞાન શું જબરદસ્ત છે અને જીવ અભિમાન કરી કરી ફૂલાતો જાય. પહેલા જીવનું દેહ અભિમાન જે પાશેર હતું તે આવા આત્માના લક્ષ વગરની વિદ્યા ભણવાથી શેર થયું.

આવો વિદ્યા અભ્યાસ ખૂબજ જરૂરી છે કે ક્યાં કેટલા વર્ષનું આયૂષ્ય છે, ત્યાં કેવી ગરમી વિગેરે છે, કેવી રીતે દુઃખ ભોગવવા પડે છે. શરીર એવું વૈક્રીય હોય કે કાપો તો પણ મૃત્યુ ન થાય, પાછું શરીર જોડાઈ જાય છે અને સામા જીવ દ્વારા અપાતા કષ્ટો સહન કરવા જ પડે. આટલો અભ્યાસ કર્યા પછી ત્યાં પોતાની જાતને મૂકવાની છે કે હું પોતે આ દુઃખો સહન કરી ચૂક્યો છું, અનંત કાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતા અનંતકાળથી ખરડાયેલો છું, હવે એવું શું કરું કે આવી ગતિમાં ન જવું પડે અથવા આવી ગતિમાં જવાના કારણો જાણી એનું સેવન ન થાય એ લક્ષે જીવે શાસ્ત્ર ભણવાના હોય છે. પણ જીવ ચૌદ પૂર્વ ભણેલ હોય અને કંઈક ઊણું અધૂરું હોય તો જીવનું પરિભ્રમણ અટકતું નથી. આ કંઈક ઉણું - અધૂરું એટલે ચૌદ પૂર્વ ભણવા વાળો હું પોતે આત્મા છું એટલો લક્ષ ચૂકી જવાય તો ભણેલા ચૌદ પૂર્વ પણ જીવને પરિભ્રમણથી રહીત નથી કરાવી શકતા. અખાજીની ભાષામાં કહીએ તો, **''વિદ્યા ભણતા વાધ્યો શેર''** એટલે આવો વિદ્યા અભ્યાસ કરી અભિમાન ધરી જીવ પરિભ્રમણ વધારે જ છે.

એ અભિમાન આગળ વધતા કેવું સ્વરૂપ ધારણ કરે છે એ માટે અખાજી કહે છે,

''ચર્ચા-વાદે તોલું થયો.''

અત્યાર સુધી જીવ પોતાના જ્ઞાન દ્વારા બીજાને પ્રભાવિત કરતો હતો અને એમાં લોકો તરફથી જે વાહ વાહ મળી એના કારણે વધારે ને વધારે શાસ્ત્રોનો અભ્યાસ કરવા મંડે છે. જીવ છએ દર્શનના શાસ્ત્રો વાંચે તો છે પરંતુ એની સમજણ કર્મને કાપવા માટે વાપરવાને બદલે બીજાના મતને કાપવા માટે કરે છે. અમારો મત સાચો અને તમારી સમજણમાં ભૂલ છે. આ વાત અખાજી વિશેષ નીચેના છપ્પામાં જણાવે છે.

ખટદર્શનના જુજુઆ મતા,
માંહોમાંહે તેણે ખાધી ખતા.
એકનું થાપ્યું બીજો હણે,
અન્યથી આપને અદકો ગણે
અખા એહ અંધારો કૂવો,
ઝઘડો ભાંજી કો નવ મુવો.

શબ્દાર્થઃ ખટદર્શન : છ દર્શન, જુજુઆ : જુદા જુદા, મતા : મત, સિદ્ધાંત, અદકો : અધિક ચડીયાતો, ભાંજીઃ ભાંગી, મિટાવી.

વિશેષાર્થ : જુદા જુદા દર્શનના શાસ્ત્રોનો અભ્યાસ કરી પોતે જે મત, અભિપ્રાય બાંધે છે એ મતને પુષ્ટી આપે એવા બીજા ઉલ્લેખો પણ જીવ ભેગા કરવા મંડે છે અને પંડિતાઈ કેળવ્યા પછી બીજા સાથે ચર્ચા વિચારણા કરે છે.

ચર્ચા વિચારણા સુધી તો વાંધો નથી પરંતુ જ્યારે જીવ ચર્ચા વિચારણાથી વાદ-વિવાદ પર આવી જાય છે ત્યારે એક દર્શનવાળો જીવ જે સિદ્ધાંત સ્થાપે, કહે એને બીજો જીવ દલીલબાજી કરી ખોટો ઠેરવી એની પુષ્ટી માટે જુદા જુદા

પુસ્તકો (શાસ્ત્રો)ના પાના નંબરના ઉલ્લેખો આપે. જીવને ખોટો પૂરવાર કરી પોતાને મહાન સમજે. આમ વાદ-વિવાદ કરી જીવનું માન વધીને તોલું : ૧૦ શેર : ૫ કિલો જેટલું થયું. જીવની જો ખરેખર આવી અદભૂત સ્મરણશક્તિ હોય કે શાસ્ત્રોના પાના નંબર સાથે વાંચન યાદ રહેતું હોય તે એ કર્મના ઉદય વખતે વીજળીના ઝબકારાની જેમ થવું જોઈએ કે જેથી એ કર્મના ઉદયમાં શાંત, મૌન, સમતામાં રહેવામાં મદદ કરે પણ જીવ આવો લક્ષ ચૂકી ગયો.

વળી ક્યારેક તો નજીવી બાબત માટે તિથિ કે ધર્મના અમૂક અનુષ્ઠાન કરવાની રીતની બાબતમાં એકજ દર્શનના ૨-૩ આગળ પડતા જીવોમાં વિવાદ જાગે અને ઝઘડાનું એવું ઉગ્ર સ્વરૂપ ધારણ થાય.

ઉદાહરણ તરીકે. સંવત્સરીનું પ્રતિક્રમણ ચોથે કરવું જોઈએ એમ અમૂક આચાર્યો કહે છે, બીજા અમૂક આચાર્ય પાંચમનું પ્રતિક્રમણ કહે છે, પણ પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું અને જે મુક્ત થવા માગે છે એણેતો દરરોજ દર ક્ષણે પ્રતિક્રમણ કરવાનું હોય / કરતો હોય તો ઝઘડો ક્યાં રહે ?

જીવ ત્યારે એમ નથી વિચારી શકતો કે જેનાથી આત્માનો વિકાસ થાય એ રીત સાચી, માત્ર હું કહું તે સાચું એમ જીવનો અહં આડો આવે છે.

શું આ બધું કરવા માટે જીવે શાસ્ત્ર અભ્યાસ કરવાનો છે ? એવો લક્ષ જીવથી ચૂકાઈ જાય છે અને અંધારા કૂવામાં પડેલા જીવને બહાર આવવાનો રસ્તો નથી દેખાતો એમ જીવ માત્ર વાદ-વિવાદના વમળમાં ફસાઈ જઈ પાછો પોતા તરફ આવી નથી શકતો. ''હું આત્મા છું'' એ સદંતર ભૂલાઈ જાય છે અને જીવને પોતાના દેહ કરતા પણ પોતાના મત-માન્યતા વધારે પ્રિય હોય છે. માટે પોતાનો મત સાચો પૂરવાર કરવા આખી જિંદગી ખુવાર કરી નાખે છે. ◆

(ક્રમશઃ)

विश्वास की विजय

♦पा नगर में दो मित्र रहते थे। दोनों में प्रगाढ़ प्रेम था। एक के बिना दूसरा रह नहीं सकता था। एक बार दोनों चंपा नगर के बाहर वन भ्रमण करने गये। वर्षा ऋतु का समय था, आकाश में काले मेघ आच्छादित थे तो धरातल पर था हरियाली समारोह। ऐसे वातावरण में मन स्वत: ही उल्लासित हो उठता है। वे दोनों भी उस वन में एक झाड़ी से दूसरी झाड़ी की ओर घूमने निकले।

घूमते घूमते अचानक दोनो मित्रों ने जमीन पर पड़े मयूर के दो अण्डे देखे। उनके पैरों की आहट पाकर मयूरी तत्काल वहाँ से उड़कर समीप के वृक्ष पर जा बैठी और वहीं से उन्हें टुकुर टुकुर निहारने लगी।

दोनों को मयूर के अण्डे इतने अच्छे लगे कि एक बोल उठा, ''अहा! कितने सुन्दर हैं, इन्हें हम घर ले चलें और मुर्गी के अण्डों मे रख दें, फिर इनमें से दो बच्चे निकलेंगे। उन्हें नाच सिखाने पर वे खूब सुन्दर नाच करेंगे तब कितना आनन्द आयेगा।

दूसरा मित्र बोला, ''चलो, हम दोनों अण्डे उठा लें।'' बेचारी मयूरी डाल पर बैठी करूण नेत्रों से उन दोनों को निहारती रही परन्तु उन्हें रोकने का सामर्थ्य उसमें कहाँ था? दोनों ने एक एक अण्डा उठा लिया और अपने घर आकर उन्हें मुर्गी के अण्डों के मध्य रख दिया।

कुछ दिन बीते तो एक मित्र ने सोचा, जरा देखूँ तो सही, अण्डा सही सलामत हैं या नहीं? अत: उसने अण्डे के समीप जाकर उसे हाथ में उठाया और कान के समीप ले जाकर बजाया। फिर सोचा, अभी अण्डा नहीं पका है पुन: उसे वहीं रख दिया।

दो दिन भी नहीं उए थे वह फिर उसे देखने पहुँचा और कान के पास ले जाकर बजाया। उसे आभास हुआ अभी भी अण्डा पका नहीं है। उसके मन में कुछ संदेह हुआ। इसलिए वह रोज उसे ठोक-बजाकर देखने लगा किन्तु अण्डा पकता ही नहीं था। असल में पकना तो दूर बार बार ठोंकने और बजाने से वह नष्ट भी हो गया।

दूसरा मित्र भी अण्डा देखने जाता किन्तु उसे हाथ से स्पर्श नहीं करता सिर्फ दूर से ही अवलोकन करता। उसे पूरा विश्वास था कि अण्डा एक दिन अवश्य पकेगा और उसमें से मयूर का बच्चा निकलेगा। जिस दिन बच्चा अण्डे से बाहर आया उस दिन उसे बड़ा आनंद मिला। जैसे ही वह बच्चा बड़ा हुआ उसने उसे नृत्य सिखाने के लिए एक शिक्षक नियुक्त कर दिया। वह दोनों वक्त उसे नाच सिखाने आया करता था।

जब वह मयूर शावक खूब अच्छा नाचने लगा तो उसने अपने बंधु, बांधव, मित्र व आत्मीय जन को उसका नाच दिखाया। सभी ने मयूर शावक के साथ उसकी भी खूब प्रशंसा सुनकर उसका मन भी मयूर की भाँति नाच उठा। तभी उसकी दृष्टि अपने मित्र पर पड़ी जिसकी आँखें अश्रुपूरित थी।

वह उठकर उसके पास गया और बोला, ''भाई! अब दु:ख मनाने से क्या होगा, तुम्हारे अविश्वास के कारण ही अण्डा नष्ट हुआ है।''

परमात्मा महावीर ने यह कहानी सुनाकर साधकों को कहा, साधना का पथ लम्बा होता है। इस पथ पर चलते हुए यदि कोई विश्वास खो कर शंकाकुल हो उठे तो वह साधना पथ से भ्रष्ट हो जायेगा। उसे प्रथम मित्र की भाँति पश्चाताप करना पड़ेगा। धैर्य और निष्ठा से जो कदम बढ़ायेगा वह अवश्य सिद्धि को प्राप्त करेगा। ◆

અશરણ ભાવના

સંકલન : હર્ષા શાહ, મુંબઈ

અશરણ ભાવના એ સંસારમાં જીવની અત્યંત લાચારી, અસહાયતા દર્શાવે છે. જીવ ગમે તેટલો બળવાન હોય પરંતુ પોતાના મૃત્યુ સમયે અસહાય, અશરણરૂપ બની જાય છે.

છ ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને.

શ્રીમદ્ રાજચંદ્ર

પોતાના અત્યંત પરાક્રમથી છ ખંડ ઉપર વિજય પામનાર સમ્રાટ ચક્રવર્તી અને અત્યંત શક્તિથી ભરપૂર એવા દેવ-દેવેન્દ્ર પણ જ્યારે યમરાજનું તેડુ આવે છે ત્યારે તે સમ્રાટ ચક્રવર્તી અને દેવ-દેવેન્દ્રો પણ દીન બનીને અસહાય સ્થિતિમાં આવી જાય છે, ત્યારે એમને કોઈ બચાવી શકતું નથી.

અનંત જન્મોથી જીવની સાથે અસંખ્ય વાસનાઓ જડાયેલી છે. આહારની વાસના, ભયની વાસના, મૈથુનની વાસના અને પરિગ્રહની વાસના. આમા મુખ્ય ભયની વાસના છે. જન્મથી મૃત્યુ સુધી સહુ કોઈ કોઈ ને કોઈ ભયની સાથે જીવે છે. પ્રિયના વિયોગનો ભય, અપ્રિયના સંયોગનો ભય હોય છે. સ્વજન, સંપત્તિ, શરીર વગેરે પ્રિય પદાર્થો છે. આ બધા ચાલ્યા ન જાય, નષ્ટ ન થઈ જાય, ચોરાઈ ન જાય એ બાબતને લઈને મનુષ્ય ભયાકુળ રહે છે. વૃદ્ધત્વ, મૃત્યુ આ બધાથી પણ મનુષ્ય ભયભીત રહેતો હોય છે.

આ બધા ભયથી બચવા માટે તે કોઈક રક્ષા ઈચ્છે છે, કોઈક શરણ ઈચ્છે છે જે ભયથી એનું રક્ષણ કરે અને તેના શરણે જઈ શકે, પરંતુ ભયાકુળ આ સંસારમાં મૃત્યુથી બચાવનાર કોઈ મળતું નથી. જીવ માટે મૃત્યુ અનિવાર્ય છે. આથી નિશ્ચિતરૂપે મૃત્યુનો ભય હોય છે. જ્યારે મૃત્યુ સામે દેખાય છે ત્યારે જીવાત્મા પોતાની જાતને અશરણ માને છે.

મૃત્યુ આવતા પહેલા જીવને યમરાજાની ઘણી નોટિસો મળે છે ત્યારે તે વકીલરૂપી ઘણા

ડૉક્ટરોને રોકીને યમરાજ સામે કેસ માંડે છે. ડૉક્ટરને આશરે જઈ એણે બતાવેલા દરેક ઉપાયો યોજે છે.

પહેલી નોટિસ - વાળ શ્વેત થઈ ગયા, ડાઈ લગાવી કાળા કરી સાંત્વન લે છે કે હું હજી યુવાન છું.

બીજી નોટિસ - દાંત વિદાય માગે છે - તેના ઉપાય રૂપે રૂટ કેનાલ કરાવે, ચોકઠું મઢાવે, ચાંદી પુરાવે, પણ અંતે સઘળું લાકડા ભેગુ થવાનું છે એને પણ ખબર છે.

ત્રીજી નોટિસ - આંખે ચોખ્ખુ દેખાતું નથી, મોતિયો ઉતરાવે, સર્જરી કરાવી લેન્સ મુકાવે.

ચોથી નોટિસ - કાને ઓછું સંભળાય છે, ઈયરફોન મુકાવે. યમરાજાની પાંચમી નોટિસ આવી હૃદયરોગનો હુમલો થયો. બાયપાસ સર્જરીનું થીગડું મરાવ્યું.

વળી નોટિસ આવી - ઢીંચણ દગો દેવા લાગ્યા, ઢાંકણીનું ઑપરેશન કરાવી નવી બેસાડી.

આમ યમરાજાના દરેક સંકેતને અવગણી જીવ દરેક વખતે પોતાની અશરણતા સામે ઝઝુમે છે. પુણ્યનો ઉદય હોય તો રોગનો ઉપચાર શક્ય બને છે. આ સંસારમાં થોડો સમય રોગોથી બચાવનાર, શત્રુથી બચાવનાર, આપત્તિથી બચાવનાર પણ મળી જાય; પણ મોતથી, યમરાજથી બચાવનાર કોઈ નથી. ઈચ્છા ન હોવા છતાં યમરાજ જીવને ઊઠાવીને લઈ જાય છે. આ છે અશરણતા. ત્યારે કોઈને કોઈનું શરણું મળતું નથી.

જન્મ, જરા, મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ આત્મસ્વભાવને પામ્યા છે અને નિર્ભય થયા છે. વિચાર વિના તે સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર પ્રાપ્ત થવો દુર્લભ છે.

વચનામૃત ૫૭૩

સંસારમાં જીવ ઉગ્ર રોગોની સામે, વૃદ્ધાવસ્થાની સામે અને મૃત્યુની સામે તો અનાથ-અશરણ જ છે, પરંતુ આના સિવાય આધ્યાત્મિક દૃષ્ટિથી પણ જીવ કેવો અનાથ અને અશરણ છે એ સમજી લેવાનું છે.

- જે જીવાત્મા અરિહંત પરમાત્માની, સિદ્ધ ભગવાનની, સાધુ પુરુષોની અને કેવળીપ્રેરિત ધર્મની અવજ્ઞા કરે છે, તેમની આજ્ઞા માનતો નથી, તેમના પ્રત્યે શ્રદ્ધાવાન થતો નથી તે અનાથ - અશરણ છે.
- જે જીવાત્મા ક્રોધ, માન, માયા લોભ કરતો રહે છે, ચાર કષાયોને પાપ માની નથી શકતો તે અનાથ અશરણ છે.
- જે જીવાત્મા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહમાં લીન રહે છે, આ પાંચ મહાપાપોને પાપ માનતો નથી એ પાપોના ત્યાગની ભાવના રાખતો નથી તે અનાથ છે, અશરણ છે.
- જે જીવાત્મા મન-વચન-કાયાના અશુભ યોગોમાં, પાપ કર્મોમાં પ્રવર્તીત રહે છે, શુભ યોગોમાં પડતો નથી તે અનાથ - અશરણ છે.
- જે જીવાત્મા જ્ઞાન વિરાધના, દર્શનવિરાધના અને ચારિત્રવિરાધના કરતો રહે છે તે અનાથ - અશરણ હોય છે.

- જે જીવાત્મા સંસારમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરતો રહે છે, ધર્મધ્યાન નથી કરતો તે અનાથ - અશરણ હોય છે.
- જે જીવાત્મા પાંચ ઈન્દ્રિયોના વિષયમાં લુબ્ધ હોય છે, તે અનાથ-અશરણ હોય છે.

'ઉત્તરાધ્યાયન સૂત્ર'માં અનાથિમુનિએ રાજા શ્રેણિકને પોતાના અનુભવથી જીવની અનાથતા - અશરણતા બતાવી છે, એ સમજવા જેવી છે. અનાથિમુનિએ કહ્યું, ''હે રાજન, નિગ્રંથ ધર્મની પ્રાપ્તિ થયા છતાં નિઃસત્ય મનુષ્ય પોતાના આચારપાલનમાં શિથિલ બને છે. સ્વ-પરની રક્ષા કરવા સમર્થ બનતા નથી તે આ જીવોની અશરણતા છે.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,
અનાથ એકાંત સનાથ થાશે,
તેના વિના કોઈ ન બાહ્ય સહાશે.


શ્રીમદ્ રાજચંદ્ર

આમ સંસારની અશરણતા વખતે ધર્મ જ એને ટેકો આપે છે. આત્મવૃત્તિએ કરેલો ધર્મ એના ગમે તે સ્વરૂપે હોય પણ એનો આધાર મળે છે. બાકી આ દુનિયાની કોઈપણ ચીજ, કોઈપણ પ્રાણી કે કોઈપણ સંબંધી એ વખતે ઉપયોગમાં આવી શકતા નથી. મૃત્યુ સમયે યમરાજને અટકાવી શકતા નથી કે દુઃખ દર્દ સમયે દિલાસારૂપ થઈ શકતા નથી.


આથી જ જ્ઞાનીઓ અત્યંત કરુણાથી કહે છે કે આ સંસાર અસાર છે. સારભૂત એક માત્ર ધર્મ જ છે. આ શરીર, લક્ષ્મી, સ્નેહી, સ્વજનો સર્વ ચંચળ છે. વિનાશી છે, માટે 'હે જીવ, તું ચાર શરણ સ્વીકારી લે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રણીત ધર્મ એ વિશ્વના ચાર શ્રેષ્ઠ શરણભૂત તત્વો છે. જે આત્મા તેને શરણે જાય છે તે પરમ શાંતિ, પરમ સુખ પામે છે. દાન-શીલ-તપ-ભાવરૂપ જેના ચાર મુખ્ય અંગ છે એવા પવિત્ર ધર્મનો આશ્રય કરી લે. પર વસ્તુની મમતા અને આસક્તિ ત્યજી દે.'

''સમ્યક્ દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ સ્વનું શુદ્ધ સ્વરૂપ શરણરૂપ છે. જે પરમાર્થરૂપ અને મોક્ષ છે. તેનું શરણ ગ્રહણ કરવા યોગ્ય છે.''

હિંમત આપતા જ્ઞાનીઓ સમજાવે છે કે, ''આ સંસારમાં હું અશરણ છું, મારું કોઈ નથી'' એમ વિચારવાનું નથી. પરંતુ આ સંસારમાં સાચુ રક્ષણ આપનાર અરિહંતાદિ પરમ ચાર તત્વો, સ્વનું શુદ્ધ સ્વરૂપ છે. એના સિવાય કોઈ શરણ નથી. એ રીતે વિચારવાનું છે. ◆



તત્ત્વ પહેલી (નવેમ્બર - ૨૦૧૪)



આડી ચાવીઓ :

૧) સર્વ ગુણાંશ તે ..... છે (૪)
૩) ..... હોય એ બધુ છોડી શકે. (૩)
૬) ..... પડ્યા વગર આગમ અનર્થકારક થઈ પડે છે. (૨)
૮) જ્ઞાનીઓની અનંતી ..... હોય છે (૩)
૧૦) ..... વડે તત્વની સિદ્ધિ છે. (૩)
૧૧) કોઈ બીજો જીવ ઉપદ્રવ કરે તે ..... કહેવાય છે. (૪)
૧૩) પ્રકૃતિ અને પ્રદેશબંધ ..... થી બંધાય છે. (૨)
૧૫) ..... કષાયાદિ દોષ ગયા વિના સામાન્ય આશયવાળા દયા વિગેરે આવે નહીં. (૩)
૧૬) જ્ઞાનીના વચનોનું માન ન રાખવું અવજ્ઞા કરવી તે બહુ જ મોટી ..... કહેવાય છે.(૪)

ઊભી ચાવીઓ :

૧) હું તમને ગાળ આપું અને તમને જરા પણ ખરાબ ન લાગે તે ..... (૪)
૨) ..... નવ છે. (૨)
૩) સૌ પ્રથમ ..... લેવાનો (૪)
૪) ..... હોય એ બધી વસ્તુ પકડી રાખે છે. (૨)
૫) સૌથી ..... વસ્તુ આત્મા છે (૩)
૭) સાચી સમજણ આવી ગયા પછી જે વર્તન થાય છે તેને ..... કહે છે (૪)
૯) સ્થિતિબંધ અને રસબંધ ..... થી બંધાય છે. (૪)
૧૨) સહન કરવામાં આવે અથવા પોતાને મેળે દુ:ખ પડે તે ..... કહેવાય. (૪)
૧૪) સમજણ પ્રમાણે વર્તન તે..... છે. (૨)

THE COCKROACH THEORY FOR SELF DEVELOPMENT

Contributed by a Reader

At a restaurant, a cockroach suddenly flew from somewhere and sat on a lady. She started screaming out of fear. With a panic stricken face and trembling voice, she started jumping, with both her hands desperately trying to get rid of the cockroach.

Her reaction was contagious, as everyone in her group also got panicky. The lady finally managed to push the cockroach away but ...it landed on another lady in the group. Now, it was the turn of the other lady in the group to continue the drama.

The waiter rushed forward to their rescue. In the relay of throwing, the cockroach next fell upon the waiter. The waiter stood firm, composed himself and observed the behavior of the cockroach on his shirt. When he was confident enough, he grabbed it with his fingers and threw it out of the restaurant.

Sipping my coffee and watching the amusement, the antenna of my mind picked up a few thoughts and started wondering, was the cockroach responsible for their histrionic behavior?

If so, then why was the waiter not disturbed? He handled it near to perfection, without any chaos.

It is not the cockroach, but the inability of the ladies to handle the disturbance caused by the cockroach that disturbed the ladies.

I realized that, it is not the shouting of my father or my boss or my wife that disturbs me, but it's my inability to handle the disturbances caused by their shouting that disturbs me.

It's not the traffic jams on the road that disturbs me, but my inability to handle the disturbance caused by the traffic jam that disturbs me.

More than the problem, it's my reaction to the problem that creates chaos in my life.

Lessons learnt from the story:

I understood, I should not react in life. I should always respond.

The women reacted, whereas the waiter responded.

Reactions are always instinctive whereas responses are always well thought of, just and right to save a situation from going out of hands, to avoid cracks in relationship, to avoid taking decisions in anger, anxiety, stress or hurry. ◆

Dietician Utsavi Chheda
(Mumbai)



CHOLESTEROL

Cholesterol is a white soft, fat-like, waxy substance found in the bloodstream and naturally in all cells of our body; including the brain, nerves, muscles, skin, liver, intestines, and heart. Cholesterol is essential part of a healthy body and the body uses it to produce cell membranes, several important hormones, vitamin D and bile acids that help digest fat. It takes only a small amount of cholesterol to meet these needs. Thus cholesterol is not at all bad, since it is vital for proper functioning of the cells, making hormones, used in myelin sheath formation (the membrane covering around the nerves) for without cholesterol, we would perish.

However problem arises when we have too much cholesterol in the bloodstream- hypercholesterolemia- circulating through our veins and arteries. This excess cholesterol is deposited in the arteries, including coronary arteries- a primary factor for coronary heart diseases leading to heart attack and stroke. Too much of these deposits on the arteries inhibit circulation and may also cause gallstones, impotence, high blood

pressure, and loss of mental acuity.

We get cholesterol for two sources: our body produces most of it and the rest we get from cholesterol in animal products that is consumed which includes all non-vegetarian products, butter, cheese and whole milk. Foods from plants i.e fruits and vegetables, vegetable cooking oil do not contain cholesterol. Foods from other sources that may not contain animal products may consist of saturated fats, transfats, and hydrogenated fats that make the body produce excess cholesterol. Processed foods not only contain bad fats but also contain chemicals that may make the body produce excess cholesterol.


The total cholesterol is really the composite of many substances, including the triglycerides, LDL cholesterol and HDL cholesterol. The triglycerides are blood fats that tend to rise in the face of alcohol intake, increased weight, a diet rich in sugar and fat, and a sedentary lifestyle. There is no doubt that elevated triglycerides increase the risk of developing heart disease, stroke, elevated blood pressure and increased risk for developing diabetes. The way to lower triglyceride levels is to cut on alcohol, exercise daily, restrict sugar and fat in your diet and loss weight if necessary. For some people, the addition of omega 3 will markedly lower triglycerides.



LDL cholesterol stands for low density lipoprotein cholesterol. You have probably heard of the "good and bad cholesterol." LDL is bad the "Bad cholesterol". Elevated levels of LDL cholesterol dramatically increase a person's risk for heart disease and stroke. LDL cholesterol sticks to the artery wall and overtime can cause artery blockages to develop. To lower LDL levels it's important to restrict fat (especially saturated and hydrogenated fats), losing weight may also help. Specific dietary maneuvers, such as addition of soy protein, flaxseed (alsi), fiber, walnuts can dramatically improve some people's cholesterol profiles.

The HDL cholesterol (high density lipoprotein cholesterol) is also known as "Good Cholesterol". The role of the HDL cholesterol is to bring the bad cholesterol back to the liver for processing. People with high levels of this type of cholesterol appear to be partially protected from heart disease. Of course, a person can have excellent HDL cholesterol level and still develop heart disease.

In large part, a person's HDL cholesterol level is genetically predetermined. There are, however, some things you can do to improve your HDL levels. Quitting smoking can increase your HDL cholesterol. Exercise is also known to improve HDL cholesterol. Diet, too, can have an impact on HDL. People who eat high fat, processed foods, deep fried foods take in large quantities of transfats, a form of fat known to dramatically lower HDL.



Once you have determined that you have a problem with cholesterol, it is important to determine the cause and develop a plan for improving your cholesterol level. ◆

FORTHCOMING EVENTS

22 - 23 Nov. 2014

Workshop for Professionals - Practical Spiritualism, SRATRC
RAJ NAGAR, PARLI

29 Nov. - 3 Dec. 2014

Progressive Shibir (Hindi), SRATRC
RAJ NAGAR, PARLI

30 Nov. 2014

Param Gyan Sabha, Mumbai, Vasant Smruti Building, 3rd Flr,
Dadasaheb Phalke Rd, Santgadge Maharaj Junction,
Above New Bharatkshetra Saree Showroom, Opp. Ranjit Studio,
Near Dadar C. Rly Stn, Dadar (E), Mum–14.

5 - 7 Dec. 2014

Shree Prem Acharyaji's Birthday Celebration, Pune
PYC Gymkhana, Pune, Maharashtra.

27 - 31 Dec. 2014

RIYF Shibir - Swa-arth Se Shubh Aarambh, SRATRC
RAJ NAGAR, PARLI

Om Shree Prem Acharayaji's Satsang
DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am.

Om Shree Prem Acharayaji's Satsang is available live on
www.rajchandrakp.org

PUBLISHED BY : Spiritual Impressions Private Limited
108-109, Runwal Commercial Complex, L.B.S. Marg,
Opp. Nirmal Life Style, Mulund (W), Mumbai - 400080.

PRINTED AT : Jayant Printery
352/54, Girgaum Road, Murlidhar Compd.,
Near Thakurdwar PO, Mumbai - 400002.

EDITOR : Dr. Meena Goshar.

From Us... to You

- Current subscription amount is Rs. 300/-, valid for 6 bi-monthly issues (subject to change without notice). Subscription (new or renewal)
- Amount may be deposited by cheque in any branch of HDFC Bank, for credit of 'Spiritual Impressions Pvt.Ltd.' having Current A/c. no. 01432320011590 with Crawford Market, Mumbai
- Branch and payment details, with CORECT AND COMPLETE address, contact number and email id of subscriber, emailed to info@simpl.in to get an acknowledgement.Please allow 2 weeks for processing.
- Ananya Parivartan can be a wonderful gift and we will deliver the first issue to the recipient with a nice (personalized, if you so want) messageon your behalf. Simply, deposit the subscriptions in bank and email details of all recipients to info@simpl.in and let us do the rest.
- Timely delivery is 100% dependent on CORECT AND COMPLETE address. Please carefully check address label on the envelope in which you receive an issue and email required corrections/ additions to info@simpl.in
- Please register your email with us to get intimation of each dispatch as well as a timely reminder, when renewal becomes due so that you do not miss any issue.
- All despatch/ delivery/ subscription related may be emailed to info@simpl.in
- Articles/ contributions for publication in Ananya Parivartan may be sent to - **SANJIV RAWELL** - srrawellco@yahoo.co.in / **MEENA GOSHAR** - mgoshar@yahoo.com


For Subscription and Other Details Contact


Ahmedabad	Ashitbhai Sanghavi	08000323456	ashitsanghvi@live.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kiranjs@yahoo.com
Chennai	Chandaben Doshi	044 32974779	daksha_cal@yahoo.com
Delhi	Keatanbhai Shah	09958916680	keatan.shah@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Virchandji Lalwani	040 66782005	sandeep78_v@yahoo.com
Jabalpur	Harishbhai Khokhani	09300108771	gaurav.khokhani@gmail.com
Jamshedpur	Dilipbhai Gandhi	09334048224	bhavingandhi85@hotmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 25900121	info@simpl.in
Pune	Rameshji Oswal	09371006817	pharma.shree@rediffmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.com

ઉત્તમ દાન – ‘જ્ઞાનદાન’

પૂણ્યની કમાણી અને ઉત્તમ દાન -‘જ્ઞાનદાન’નો લાભ અવશ્ય લેવા જેવો છે

કહેવાય છે કે જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. વર્ષગાંઠ, લગ્નદિન, પુણ્યતિથિ વિગેરે પ્રસંગો જ્ઞાનદાન માત્રથી સાચી રીતે યાદગાર બની રહે છે. જ્ઞાનદાનના હેતુએ ‘અનન્ય પરિવર્તન’ના એક અંકની sponsorship ₹ ૪૧,૦૦૦/- તથા વાર્ષિક (૬ અંકની) ₹ ૨,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. એક અથવા વધુ અંકના sponsor નો સંદેશ, photo સાથે sponsored અંકમાં આપવામાં આવશે. કોઈપણ અંકના પ્રકાશન પેટે આથી ઓછી રકમના મળેલ જ્ઞાનદાનની સ્વીકૃતિ તે અંકમાં જણાવવામાં આવશે. આ સિવાય advertisement દ્વારા પણ જ્ઞાનદાનનો લાભ ઉપલબ્ધ છે. તેના દરો નીચે મુજબ રહેશે.





Sponsorship ના Rates આ પ્રમાણે છે

Back Cover	₹ 11,000/-
Inside Front Cover	₹ 7,500/-
Inside Back Cover	₹ 6,000/-
Colour Page	₹ 5,000/-

Sponsorship Contact

સંજીવ રાવલ - 09820186548

ડૉ. મીના ગોશર - 09819317038

પ્રતિભા છેડા - 09324715450

SHREE RAJ EDUCATIONAL CENTRE

New School Foundation Day

5th October, 2014 - Rajnagar, Parli











vitraag vigyaan

Shrimad Rajchandra
Aatma Tatva Research Centre

Raj Nagar, Parli, Post Gothavade, Taluka Sudhagadh, Off Khopoli - Pali Road, Dist. Raigad - 410 205, Maharashtra.
Tel : + 91 - 2142 - 699091 • info@rajchandrakp.org • www.rajchandrakp.org

